ધર્મશિક્ષા પાઠાવલી
ભાગ ૨

: લેખક :

પં. નરદેવ, 'વેદાલંકાર'.

: પ્રકાશક :

...ાતક મિત્રમંડળ. પો. હાંસોટ (ભરૂચ.)



श्री मान्यवर प्रो. हरिदत्त जी को
सादर भेंट


नरदेव वेदालंकार
१५/३/७९.

ધર્મશિક્ષા પાઠાવલી
ભાગ ૨

: લેખક :

પં. નરદેવ વેદાલંકાર

'રાષ્ટ્રભાષા કા સરલ વ્યાકરણ' ભા. ૧ અને ભા. ૨ ના લેખક
પ્રમુખ, હિન્દી શિક્ષા સંઘ, નાતાલ: (દક્ષિણ આફ્રિકા)
ભૂતપૂર્વ 'આચાર્ય', રાષ્ટ્રભાષા પ્રચારક મંડલ, સૂરત.
(હિન્દુસ્તાન)



પ્રકાશક
સ્નાતક મિત્રમંડળ, પો. હાંસોટ (ભરૂચ)

સોલ એજન્ટ
સાકરલાલ કલ્યાણજી વોરા
બુકસેલર એન્ડ પબ્લિશર
રૂવાપરી ગેટ, ભાવનગર

પ્રકાશક
સ્નાતક મિત્રમંડળ
પો. હાંસોટ (ભરૂચ)

પ્રથમ આવૃત્તિ.
સન ૧૯૪૯

કિંમત બાર આના
પરદેશમાં ૨ શિ. ૩ પે.

સોલ એજન્ટઃ-
સાકરલાલ કલ્યાણજી વોરા
બુકસેલર એન્ડ પબ્લિશર
રૂવાપરી ગેટ, ભાવનગર

મુદ્રકઃ-
લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
સંસ્કાર મુદ્રણાલય
નવાપરા, ભાવનગર

- અનુક્રમ

નિવેદન

ધર્મશિક્ષા પાઠાવલીની યોજના પ્રમાણે આ બીજો ભાગ બહાર પડે છે. ધાર્મિક શિક્ષણ અંગેનું લેખકનું જે મંતવ્ય છે તે પહેલા ભાગમાં આપ્યું છે. તેમ જ પાઠાવલીની રચનાપદ્ધતિ વિષે પણ તેમાં જ ખુલાસો કરી દીધો છે. આ ભાગમાં પણ પહેલાની માફક શાસ્ત્ર-વચનો બોધ-વચનો, વાર્તા અને અભ્યાસપ્રશ્નો આપવામાં આવ્યા છે.

બાળકોમાં નીતિ અને ધાર્મિક ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થતો જાય તે પ્રમાણ તે લેવાયાં છે. નીતિ સાથે જ દેશભક્તિ, આરોગ્ય, વ્યાયામ અને મદ્યનિષેધ જેવા પાઠો પણ અપાયા છે. અધ્યાત્મવાદ કેળવે એવા 'એક પ્રભુ' 'કર્મફળ' (કરે તેવું પામે) 'નિષ્કામ કર્મ' (ડોસો અને ફળ) અને 'અહિંસા' ના પાઠો આપવામાં આવ્યા છે. આ સિદ્ધાન્તો મોટા છે, પણ બાળકો સમજી શકે એવી વાર્તામાં મુકાયા છે. વર્તાઓ પણ જાણીતી છે. કેટલીક દેશના મહાપુરુષોને લગતી પણ છે. વસંતરાવ અને રજબઅલીની વાર્તા પણ લેવામાં આવી છે. મને લાગે છે કે તેએ પણ ઋષિ દધીચિ અને રાજા રંતિદેવ વગેરેની માફક અમર કરવા જેવા છે.

છેલ્લા બે પાઠો સદાચાર અને નાગરિક ધર્મ વિષેના છે. આજે સ્વતંત્ર ભારતનાં બાળકોમાં આ બન્ને ધર્મો સારી રીતે ખીલે એની ખાસ જરૂર છે. તો જ તેઓ સાચા નાગરિક બનશે. છેવટે પરિશિષ્ટમાં સૂક્તિ સંગ્રહ પણ આપ્યો છે તે સૂક્તિઓ પણ મોઢે કરવા જેવી છે. શાળામાં તો વખતને અનુસરીને તેનો ઉપયોગ કરી શકાય. આ ભાગમાં આપણા મુખ્ય ૬ તહેવારોની પણ ટૂંકી માહિતી આપી છે.

આ પાઠાવલી શાળાઓના અભ્યાસક્રમની દૃષ્ટિએ તૈયાર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની કક્ષાને ધ્યાનમાં રાખીને એની રચના કરવામાં આવી છે. (પહેલો ભાગ ધોરણ બીજા માટે અને બીજો ભાગ ધોરણ ત્રીજા માટે યોજાયો છે.) છતાં એમાંનો કોઈ પાઠ ધોરણના દરજ્જા કરતાં અઘરો માલૂમ પડે તો તે અંગે અનુભવી શિક્ષકો સૂચન કરશે એવી આશા છે. આમાં જે શાસ્ત્રવચનો અપાયાં છે તે વિદ્યાર્થીઓને મોઢે ચડી જાય એવાં છે. તેમને તે સમૂહમાં બોલા-

વવા જોઈએ પણ આ વચનો વિદ્યાર્થીઓ શુદ્ધરૂપે લખી લાવે એવી કોઈ હમણાં અપેક્ષા ન જ રાખે. તે જ પ્રમાણે દરેક પાઠમાં રહેલો સાર કે બોધવચનો એ જ રૂપે વિદ્યાર્થીઓ કહી જાય અગર લખી લાવે એ પણ જરૂરી ન ગણવામાં આવે. વિદ્યાર્થીઓ વાર્તા વડે એ ભાવને સમજી શકયા છે કે કેમ તે જ જોવું જરૂરી છે. તેમનામાં એ સંસ્કાર જો પડશે તો તે આગળ જતાં ધીમે ધીમે આપોઆપ ખીલી ઊઠશે.

શિક્ષણ–પદ્ધતિમાં નવા નવા ફેરફારો થયા કરે છે. દરેક પદ્ધતિમાં કોઇ એક ઉપયોગી તત્ત્વપર ભાર મુકાયો હોય છે. તે તે દષ્ટિએ તે વાજબી હોય છે. તેથી જ પદ્ધતિ માટે મતભેદ પણ જોવામાં આવે છે. આ પાઠાવલીમાં બોધવચનોમાં ઉપદેશાત્મક પદ્ધતિ સમજણ આપવાની દૃષ્ટિથી રાખવામાં આવી છે. ખાસ તો એવું કામ શિક્ષકોએ લેવાનું છે. વાર્તાઓમાં રહેલા સાર વિષે પ્રશ્નો કરીને પણ તેઓ સમજાવી શકશે. નાનાં બાળકો સમજણ સાથે શીખવેલાં ગુરુનાં વચનો પર ઘણી શ્રદ્ધા રાખે છે એમ જોવામાં આવ્યું છે.

આ બીજો ભાગ તૈયાર કરવામાં પણ પહેલા ભાગમાં મદદ કરનાર મિત્રોનો પૂરો સહયોગ મળ્યો છે. બીજા ભાગની મૂળ પ્રત ભાવનગરના શ્રી જયેન્દ્ર ગિ. ત્રિવેદી જોઈ ગયા છે ને ઘટતા ફેરફારોના સૂચન ઉપયોગી થઈ પડયાં છે, તે માટે તેમનો આભારી છું.

જે બાળકોને શાળામાં આ પ્રકારનું શિક્ષણ મળી શકતું નથી તેમનાં માબાપો જો આ પાઠાવલીવડે તેમજ ઘેર જ શિક્ષણ આપશે તો પણ તેઓનું ચારિત્ર્ય ઘડાશે. તેઓ સદાચારી અને ધર્મિષ્ઠ બનશે. પાઠાવલીની વાર્તાઓથી તેમનો વાર્તારસ પણ સંતોષી શકાશે અને તેમને બોધ પણ આપી શકાશે.

આજની મોંઘવારીની પરિસ્થિતિને લઇ આ ભાગોની કિંમત સહેજ વધુ લાગશે. જો ધર્મપ્રેમી સજ્જનો ઉદાર મદદ કરશે તો બાળકો સસ્તી કિંમતે આનો લાભ લઇ શકશે.

ગાંધી જયંતી,' ૪૮
ડરબન } નરદેવ 'વેદાલંકાર'

સમર્પણ

•


ॐ भूर्भुवः स्वः ।
तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥

સંસ્કૃતિનું શ્રદ્ધા-બળ
ઋષિઓનું પવિત્ર ગાન,
સદ્‌બુદ્ધિને ખીલવી
પ્રગતિ-પંથે પ્રેરનાર
સાવિત્રી માતાને..

-નરદેવ.



ओ३म् । भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥



जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी।

પાઠ પહેલો

અહિંસા-પ્રેમ

અહિંસા પરમો ધર્મઃ (મહાભારત)

અહિંસા-બીજાને દુઃખ ન દેવું-એ મોટો ધર્મ છે.

અહિંસાપ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ (યોગદર્શન)

જે લોકો અહિંસાધર્મ પાળે છે તેમનો દુશ્મન પણ તેમની પાસે આવી પોતાનું વેર છોડી દે છે.

પ્રેમે પ્રાણ ટકી રહે, પ્રેમે પ્રાણ ન જાય,
પ્રેમે પ્રાણ અપાય છે, પ્રેમે પ્રાણ રખાય.
શુભ મહિમા બે રીતનો, દયા તણો જાહેર.
લે તેને સુખ થાય છે, દે તેને પણ ઘેર.

(નર્મદ)

સાધુ અને સિંહ

એક જંગલમાં એક સાધુ રહેતા હતા. તે ઘણા દયાળુ હતા. દરેક પ્રાણી પર હેત રાખે. એમના તપોવનમાં જે આવે તેને કોઇની બીક

લાગતી નહિ. હરણો આવે ને ઝાડને છાંયડે બેસી વાગોળે. ગાયો આવી ઘાસ ચરે. કબૂતરો આવે ને ધાન ચણે. પોપટ અને મેના આવે ને પાણી પીએ. ચકલી એમની ઝૂંપડીમાં માળો બાંધે.

આ તપોવનમાં જંગલી જનાવર પણ આવીને નરમ બની જતાં. બકરી ને વરુ પોતાનું વેર ભૂલી જતાં. ત્યાં સાપ કે વીંછી નીકળે તોપણ કોઈ તેને મારે નહિ. સાપ પણ મહારાજ પાસેથી જાય પણ કરડે નહિ. મહારાજને બધાં પર હેત.

એક દિવસ સાધુ મહારાજ જંગલમાં નીકળ્યા. ફરતાં ફરતાં દૂર નીકળી ગયા. ત્યાં તેમણે એક સિંહને જોયો. સિંહ બેઠો બેઠો ઘૂરક્યા કરે. સાધુ મહારાજને તેની બીક ન હતી. તેઓ આગળ વધ્યા ને સિંહ પાસે આવી પહોંચ્યા. સિંહ વારે વારે પોતાનો આગલો પંજો ઊંચક્યા કરતો ને ધીમે ધીમે ઘૂરકતો. બીજો કોઇ હોત તો ડરીને નાસી જાત, પણ સાધુ મહારાજ તો કોઇથી ડરતા નહિ અને કોઇને ડરાવતા પણ નહિ.

મહારાજને લાગ્યું કે આ સિંહ ક્રોધમાં નથી ગર્જતો, પણ એના ઘૂરકવામાં તો દુઃખ છે. નક્કી

એને કંઇ વેદના છે. સાધુ મહારાજ શાંતચિત્તે સિંહ પાસે ગયા. સિંહ પોતાનો પંજો ઊંચોનીચો કરતો રહ્યો. સાધુએ જોયું તો એ પંજાને સોજો હતો. તેમાં મોટો ઘા હતો. મહારાજ હવે સિંહનું દુઃખ સમજ્યા.

તે સિંહ પાસે બેઠા. તેનો પગ હાથમાં લીધો. પંજો તપાસ્યો. તેમાં મોટો કાંટો વાગેલો હતો. મહારાજે ધીમે રહી કાંટો બહાર ખેંચી કાઢ્યો. જંગલમાંથી જડીબુટ્ટી શોધી લાવ્યા. તેના પાલાનો લેપ પંજા પર માર્યો. સિંહને તેથી ઘણો આરામ લાગ્યો. તે સાધુ મહારાજને પ્રેમથી ચાટવા લાગ્યો. મહારાજ દરરોજ સિંહ પાસે જતા અને તેને નવો લેપ મારતા. ખાવાનું આપતા અને પાણી પાતા. થોડા દિવસોમાં સિંહ સાજો થઇ ગયો.

આ સિંહ ઘણો નરમ બન્યો. તે સાધુ મહારાજ સાથે તેમના તપોવનમાં પણ જવા લાગ્યો. ત્યાં ઘણાં જનાવરો આવતાં પણ તે કોઇને છેડતો નહિ. ગાય હોય, હરણ હોય, પણ સિંહ કોઇને ઈજા કરે નહિ. તે મહારાજ સાથે વસ્તીમાં પણ જાય છતાં કોઇને કનડતો નહિ. લોકો સાધુ મહારાજની અહિંસા અને પ્રેમ જોઇને અજાયબ થતાં.

બાળકો, આપણે આ પાઠમાં જોયું કે સિંહ જેવું ક્રૂર અને ઘાતકી પ્રાણી પણ સાધુમહારાજના પ્રેમને વશ થઈને કેવું નરમ બની ગયું. આપણે દરેક પ્રાણીપર હેત રાખવું જોઈએ. કોઈને દુઃખ નહિ દઈએ. કોઈની હિંસા નહિ કરીએ. કોઈને મારીએ નહિ. કોઈ આપણને મારે તો કેવું દુઃખ થાય? તેમ બીજાને પણ થાય. નાનાં જંતુઓ અને પ્રાણીઓ પર પણ પ્રેમ રાખતાં શીખીએ. ગમ્મત ખાતર પણ તેમને પજવીએ નહિ. બધાંને આપણા જેવાં ગણીએ. જો આપણા મનમાં સાચો પ્રેમ હશે તો આપણો દુશ્મન પણ આપણા પ્રત્યેની દુશ્મનાવટ છોડી દેશે. આપણે દયા ને અહિંસાધર્મનું પાલન કરીએ.

અભ્યાસ-પ્રશ્નો

૧. સાધુમહારાજનો સ્વભાવ કેવો હતો?

૨. સિંહને શું દુઃખ હતું? તે કેવી રીતે મટ્યું?

૩. મહારાજને સાપ કેમ કરડતો નહિ?

૪. તમારો નાનો ભાઈ કરકુરિયાને સોટી મારતો હોય તો શું કરશો?

(બીજી વાર્તા-બુદ્ધ ને ઘાયલ હંસ, ગાંધીજીનાં દૃષ્ટાન્તો)

પાઠ બીજો

ત્યાગ અને દાન

તેન ત્યક્તેન ભુંજીથા:
મા ગૃધ:, કસ્યસ્વિદ્ધનમ્.। (વેદ.)

દરેક વસ્તુ પ્રભુએ સારા ઉપયોગ માટે આપી છે, એમ સમજીને તેને વાપરો. લાલચ રાખો નહિ. પૈસો કોઇનો નથી.

તુલસી પંખીઓના પીયે, ઘટે ન સરિતા-નીર,
ધર્મ કર્યે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.

(તુલસી)

હારનું મૂલ્ય

રંગૂનમાં એક સભા મળી છે. ઘણાં લોકો ભેગાં થયાં છે. લોકો હજુ આવતાં જ જાય છે. કોઇ મોટરમાં આવે તો કોઈ ઘોડાગાડીમાં, કોઈ સાઈકલ પર આવતું, તો કોઈ ચાલતું. સભાનો હોલ ભરાઇ ગયો છે.

સભામાં ફેંટાવાળા પંજાબીઓ હતા. પાઘડીવાળા મરાઠા ને ગુજરાતીઓ હતા. ખાદીની ટોપી પહેરેલા ગૃહસ્થો હતા. તો ઉઘાડા માથાના બંગાળી નવયુવકો પણ હતા.



નેતાજી સુભાષચંદ્ર બોઝનું આ સભામાં ભાષણ હતું. ભાષણ ઘણું જોશભરેલું હતું–લોકોનાં દિલમાં ઘા કરે એવું, કાયર પણ શૂરા બને એવું. સુભાષબાબુએ કહ્યું: 'તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા.' હિંદુસ્તાનની આઝાદી માટે તેમણે એક આઝાદ હિંદ ફોજ ઊભી કરેલી. એ ફોજને માટે તેઓ નાણાં ઉઘરાવતા. તે નવયુવકોનાં માથાં માગી લેતા.

સુભાષબાબુનું ભાષણ પૂરું થયું. તેમને એક

મોટો હાર પહેરાવવામાં આવ્યો. સુભાષબાબુએ તે હાર હરાજીમાં મૂકયો. તેમણે સભામાં પૂછ્યું : 'આ હારની કિંમત મને કોણ આપશે ? એ પૈસા દેશની લડત માટે વપરાશે.' સુભાષબાબુનો હાર અને દેશસેવાનું કામ. હારની કિંમત ખૂબ વધી ગઈ.

'એક લાખ રૂપિયા.' લોકોના ટોળા વચ્ચેથી એક યુવક ઊભો થઈને બોલ્યો. ગજબ થયો. ફૂલના હારના એક લાખ રૂપિયા ! આ એક પંજાબી યુવક હતો.

'બે લાખ રૂપિયા !' દેશ માટે ફના થવાની ઇચ્છા રાખતો એક બીજો વેપારી યુવક બોલ્યો.

'પાંચ લાખ રૂપિયા મારા !' કોઈ વૃદ્ધ બોલ્યો. તેણે વૃદ્ધોનું નામ રાખ્યું.

'સાત લાખ રૂપિયા !' ત્યાં તો બીજા ખૂણામાંથી પાછો અવાજ આવ્યો. આજે તો લોકોના ઉત્સાહનો પાર ન હતો. ફૂલહાર માટે લાખોની ચડસાચડસી ચાલુ થઈ હતી.

આ શું ? પેલો પંજાબી યુવક તો ગાંડા જેવો

બની સભામંચ ઉપર ધસી આવે છે. ઉપર ચઢીને તે બોલ્યો: 'મારી સઘળી દોલત આ હાર માટે. હું મને પોતાને પણ સુભાષબાબુના ચરણોમાં સોંપી દઉં છું.'

'ધન્ય!' 'ધન્ય!' નો ધ્વનિ ઊઠયો. તાળીઓનો ગડગડાટ ગાજ્યો. સુભાષબાબુ ઊઠયા. પંજાબી યુવકને છાતી સરખો ચાંપી લીધો. તે બોલ્યા: 'આવા યુવકોને લીધે આપણી ભારતમાતા હમેશ અજેય બનશે. આપણે એને પરદેશીઓના હાથમાંથી જરૂર છોડાવીશું.'

બાળકો, આપણે જોયું કે એક યુવકે સુભાષબાબુને પોતાની બધી મિલકત આપી દીધી. તેણે પોતાનું જીવન પણ સોંપી દીધું. બીજા લોકોએ પણ જેનાથી જે બન્યું તે આપ્યું. આ પ્રમાણે સારા કામમાં દરેકે પોતાનાથી બનતી મદદ કરવી જોઇએ. સારાં કામ પૈસા વગર થતાં નથી. ધન-દોલત એ તો ભગવાને આપેલી બક્ષિસ છે. તેને ભલાઇનાં કામોમાં વાપરીએ. કંજૂસ બનીને ભેગી નહિ કરી રાખીએ, તેમ ખોટે રસ્તે પણ વાપરીએ નહિ. આપણે બીજાને હમેશાં આપણાથી બને તે મદદ કરવી જોઇએ. લાલચ રાખવી નહિ, કારણકે પૈસો રહેતો નથી. તેને સારા કામમાં વાપરવો જ ઠીક છે.

અભ્યાસ-પ્રશ્નો

૧. સુભાષચંદ્ર બોઝને પંજાબી યુવકે શું આપ્યું ?

૨, સુભાષબાબુએ એ પૈસા શા માટે લીધા ?

૩. આ દુનિયાની ચીજો આપણને કોણે આપી છે ?

૪. તમારે ત્યાં એક ભિખારી ટાઢમાં ધ્રૂજતો આવે તો તમે શું કરશો ?

(બીજી વાર્તા ભામાશાહ, કર્ણ, મોતીલાલ નેહરુ)

પાઠ ત્રીજો

વિદ્યા

નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે (ગીતા)

આ જગતમાં સાચા જ્ઞાનથી વધુ પવિત્ર કશું નથી.

વિદ્વત્વં ચ નૃપત્વં ચ નૈવ તુલ્યં કદાચન ।
સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે ॥
(ચાણક્ય)

વિદ્વાન અને રાજાની સરખામણી થઇ શકે નહિ. રાજા પોતાના દેશમાં જ પૂજાય છે, પણ વિદ્વાન તો દુનિયામાં બધે પૂજાય છે.

સ્વામી વિવેકાનંદ

અમેરિકાના એક શહેરની વાત છે. શહેરમાં મોટાં મોટાં મકાનો ને ભવ્ય બંગલાઓ છે. લોકો

પણ ભપકાબંધ રહે. કોટ–પાટલૂન ને હેટમાં સજજ થયેલાં.

આ શહેરમાં એક સાધુ ફરે છે. તેણે ભગવાં કપડાં પહેર્યાં છે. પગમાં નથી જોડા, માથે નથી ટોપી. અમેરિકાના શહેરીઓ ને આ સાધુની કાંઈ પડી નથી. તેઓ તો તેની મશ્કરી કરે છે. આ સાધુ તે સ્વામી વિવેકાનંદ.



એક રાતે સ્વામી વિવેકાનંદ સ્ટેશને ગયા ત્યાં ગાડી ચૂકી ગયા. સ્ટેશન પર રાત રહેવાની જગ્યા પણ ન મળી. ટાઢ તો કહે મારું કામ. સ્ટેશનને ખૂણે લાકડાનું એક ખોખું પડેલું હતું. સ્વામી વિવેકાનંદ આ ખોખામાં બેઠા ને આખી રાત કાઢી.

બીજે દિવસે તેઓ શિકાગો પહોંચ્યા. શિકાગોમાં દુનિયાના ધર્મોની એક મોટી સભા મળી હતી. દરેક ધર્મના મહાત્માઓ ત્યાં હાજર હતા. દરેક દેશના વિદ્વાનો તેમાં ભાગ લેવા આવેલા. હિંદુસ્તાનમાંથી આ સભામાં સ્વામી વિવેકાનંદ ગયેલા.

સભામાં ઘણાં ભાષણો થયાં. સ્વામી વિવેકાનંદને પણ ભાષણ કરવા બોલાવ્યા. સ્વામીજીએ ભાષણ શરૂ કર્યું: 'અમેરિકાના ધર્મપ્રેમી ભાઇઓ ને બહેનો' આ વચનોથી હોલ ગૂંજી ઊઠ્યો. પૂરા એક કલાક સુધી સ્વામી વિવેકાનંદે ભાષણ કર્યું.

અમેરિકાનાં લોકો આ ભાષણ સાંભળી ગાંડાં બન્યાં. તેમણે આવું સારું ભાષણ સાંભળેલું નહિ. આવો મોટો વિદ્વાન જોયેલો નહિ. હિન્દુસ્તાનનું જ્ઞાન કેટલું ઊંચુ છે તે તેઓ જાણતાં નહિ. તેઓ સ્વામી વિવેકાનંદની વિદ્વત્તા જોઇ અજાયબ થયાં.

બીજા દિવસની સવાર થઇ ને છોકરાઓ શિકાગોની શેરીએ શેરીએ 'મંક વિવેકાનંદ'ની બૂમો પાડતા હતા. સ્વામી વિવેકાનંદના તેઓ ફોટા

વેચતા હતા. છાપાંઓએ પણ એમની છબી છાપી. લાકડાના ખોખામાં રાત ગુજારનારા વિવેકાનંદ એક રાતમાં તો અમેરિકામાં નગરે નગરે જાણીતા થયા. મોટા રાજાઓને ન મળેલું માન તેમને મળવા લાગ્યું.

સ્વામી વિવેકાનંદે જ્ઞાનથી અમેરિકામાં ને યૂરોપમાં હિંદુસ્તાનનું ને હિંદુધર્મનું નામ ઉજાળ્યું.

બાળકો, આપણે જોયું કે સ્વામી વિવેકાનંદને તેમની વિદ્યાને લીધે કેટલું માન મળેલું. વિદ્યાની બધે પૂજા થાય છે. દરેક વિદ્યાર્થીએ સાચી વિદ્યા મેળવવા માટે મહેનત કરવી જોઈએ. વિદ્યા મેળવીને જ આપણે પોતાની જિંદગીને સુધારી શકીએ. વિદ્યા મેળવ્યા પછી પણ અભિમાન ન કરીએ. વિનયથી જ વર્તીએ તો આપણી વિદ્યા સફળ થયેલી કહેવાય.

અભ્યાસ-પ્રશ્નો

૧. સ્વામી વિવેકાનંદે રાત કેવી રીતે વિતાવી ?

૨. તેઓ કેવી રીતે જાણીતા થયા ?

૩. વિદ્યા સાથે બીજો કયો ગુણ ખીલવવો જોઈએ ?

૪. વિદ્યા મેળવવા માટે તમે શું પ્રયત્નો કરો છો ?

(બીજી વાર્તા :— રવીન્દ્રનાથ, શંકરાચાર્ય ને મંડનમિશ્ર.)

પાઠ ચોથો

એક ધ્યાન

તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેન્દ્રિય ક્રિયઃ । (ગીતા)

આંખ, કાન વગેરે ઇન્દ્રિયોને સ્થિર કરી જે શીખવું હોય તેમાં મન લગાવવું.

વિદ્યાર્થીઓની પરીક્ષા

એક મોટા મેદાનમાં ઘણા વિદ્યાર્થીઓ ભેગા થયા છે. ઘણા લોકો પણ ટોળે વળ્યા છે. આજે કૌરવ અને પાંડવોની પરીક્ષાનો દિવસ છે. દ્રોણ-ગુરુ પરીક્ષા લેવાના છે. પરીક્ષા જોવા ભીષ્મ પિતા-મહ આવ્યા છે. આંધળા ધૃતરાષ્ટ્ર પણ આવ્યા છે. ગાંધારી ને કુંતી વગેરે રાજમાતાઓ પણ આવી છે.

ઘોડેસવારી, ગદા–યુદ્ધ, કુસ્તી વગેરેની પરીક્ષા થઈ ચૂકી છે. હવે ધનુષ્યબાણની પરીક્ષા છે. સો કૌરવો અને પાંચ પાંડવોમાં પહેલો કોણ આવે તે જોવા બધાં અધીર બન્યાં છે. ગુરુ દ્રોણા-

ચાર્યે એક ઝાડ પર ચકલીનું એક રમકડું ગોઠવ્યું છે. તેની આંખમાં નિશાન મારવાનું છે.

દ્રોણગુરુએ યુધિષ્ઠિરને નિશાન તાકવા બોલાવ્યા. યુધિષ્ઠિરે બાણ ચઢાવ્યું. ગુરુએ પૂછ્યું: 'બેટા, ચકલીને જુએ છે ને?' યુધિષ્ઠિરે જવાબ આપ્યો: 'જી ગુરુજી.' ગુરુજીએ પૂછ્યું: 'બીજું શું શું દેખાય છે?' યુધિષ્ઠિર બોલ્યા: 'હું આપને જોઉં છું.' ગુરુજી નિરાશ થયા. તે બોલ્યા: 'તું જા, બેસી જા.'

ગુરુજીએ દુર્યોધનને બોલાવ્યો ને ઉપર પ્રમાણે પ્રશ્નો પૂછ્યા. દુર્યોધને કહ્યું: 'હું ઝાડને જોઉં છું, આ મારા ભાઈઓને જોઉં છું, મને બધું દેખાય છે.' દ્રોણાચાર્યે દુર્યોધનને પણ બેસાડી દીધો. એક પછી એક ઘણા આવ્યા પણ કોઈને તીર છોડવાની આજ્ઞા મળી નહિ.

અર્જુનનું નામ બોલાયું. તેણે તીર લઈ નિશાન તાક્યું. દ્રોણગુરુએ પૂછ્યું: 'બેટા, તને શું શું દેખાય છે?' 'મને હવે ફક્ત ઝાડ જ દેખાય છે.'

'હવે શું દેખાય છે?'

'હવે હું ફક્ત ચકલીને જોઉં છું, ને હવે તો ફક્ત ચકલીની આંખ જ દેખાય છે.' ગુરુજી આ સાંભળી રાજી થયા. 'છોડ તીર' તેમણે હુકમ આપ્યો. સણસણ કરતું તીર છૂટયું. ચકલીની આંખો વીંધાઇ ગઈ. લોકો રાજી રાજી થઇ ગયા. અર્જુને એકચિત્ત રાખી નિશાન વીંધ્યું.

બાળકો, આપણે જોયું કે અર્જુને કેવી રીતે નિશાન તાકયું. તેણે પોતાનું ધ્યાન ચકલીની આંખ પર જ લગાવ્યું. એ જ પ્રમાણે આપણે જે શીખતા હોઇએ તે પર જ મન લગાવવું. બીજા વિચાર કરવા નહિ. બીજે ધ્યાન આપવું નહિ. ગુરુજી શીખવે તે ધ્યાનથી સાંભળવું. ભણતી વખતે ભણવામાં ધ્યાન આપીએ. જે વખતે જે કામ હાથમાં લઇએ તે પર પૂરું ધ્યાન રાખીએ તો જ તે કામ સારી રીતે બને. બે જગાએ ચિત્ત રાખીએ તો એકે કામ સારું થાય નહિ.

અભ્યાસ-પ્રશ્નો

૧. દ્રોણગુરુએ યુધિષ્ઠિરને તીર છોડવાની આજ્ઞા કેમ ન આપી?

૨. અર્જુન કેમ નિશાન વીંધી શકયો?

૩. બકધ્યાન એટલે શું?

૪. તમે ભણવામાં હોશિયાર છો કે રમવામાં? તેમાં પૂરતું ધ્યાન આપો છો?

(બીજી વાર્તા—એકલવ્ય, દ્રૌપદી-સ્વયંવર)

પાઠ ૫

કસરત

શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ ।
સારું શરીર એ ધર્મનું પગથિયું છે.
પહેલું સુખ તે જાતે નર્યા.

રામમૂર્તિ

દશ વર્ષનો એક વિદ્યાર્થી હતો. તેનું નામ રામમૂર્તિ. નિશાળમાં એક છોકરા સાથે રામમૂર્તિને તકરાર થઈ. વાંક છોકરાનો હતો, પણ તે જબરો હતો. તેણે રામમૂર્તિને એક થપ્પડ લગાવી દીધી. રામમૂર્તિને આથી ઘણું લાગી આવ્યું. એ વાત તેના દિલમાં ડંખતી રહી.

આ અરસામાં રામમૂર્તિએ રામાયણ ને મહાભારતની કથાઓ સાંભળી. તેમાં તેમને ખૂબ રસ પડવા લાગ્યો. તેમાંયે હનુમાન અને ભીમનાં પરાક્રમો તો તેમને ખૂબ ગમતાં. રામમૂર્તિને પણ

ભીમ અને હનુમાન જેવા બળવાન બનવાનું મન થયું.

નવયુવક રામમૂર્તિ રોજ અખાડામાં જવા લાગ્યા. તેમણે નિયમિત કસરત શરૂ કરી. વિલાયતી ઢબની કસરતો પણ તેમણે કરી જોઇ. આ કસરતથી તેમને ખાસ ફાયદો જણાયો નહિ. આથી તેમણે દેશી કસરત શરૂ કરી. તેઓ દંડ ને બેઠક કરવા લાગ્યા. કુસ્તી કરતા અને મગદળ ફેરવતા.

રોજ નિયમ પ્રમાણે કસરત કરવાથી રામ-મૂર્તિનું શરીર સુધરવા લાગ્યું. તેમનામાં ઘણી તાકાત આવી. દરરોજ તેઓ ત્રણ હજાર દંડ અને દસ હજાર બેઠક કરવા લાગ્યા. રામમૂર્તિમાં હવે એટલી શક્તિ આવી હતી કે તેઓ નાળિયેરીના ઝાડને પકડીને હલાવતા તો ઉપરથી નાળિયેરો ખરી પડતાં.

ફક્ત કસરત પર જ રામમૂર્તિએ ધ્યાન ન આપ્યું. તેઓ ખોરાક પણ સાદો અને પૌષ્ટિક લેતા. રામમૂર્તિ માંસ ખાતા નહિ. દારૂ વગેરે પણ પીતા નહિ. બીડી, સિગારેટ વગેરેનું પણ તેમને વ્યસન ન હતું. દૂધ-દહીં, ઘી અને ફળ-મેવાના

સાત્ત્વિક ખોરાકથી તેમણે તાકાત મેળવી. પોતાની તાકાતને લીધે રામમૂર્તિ દુનિયામાં જાણીતા થયા. યૂરોપના દેશોમાં તેમણે પોતાના બળના પ્રયોગ કરી બતાવ્યા. તેઓ ૧૦૦ મણનો હાથી પોતાની છાતી પર ચડાવતા. યૂરોપના પ્રખ્યાત યૂજેન સેંડોને રામમૂર્તિએ પોતાની સાથે કુસ્તી કરવાનું કહ્યું, પણ યૂજેનની હિંમત ચાલી નહિ.

રામમૂર્તિની તાકાત જોઈ યૂરોપનાં લોકો નવાઈ પામતાં. તેમણે પરદેશમાં હિન્દુસ્તાનનું નામ પ્રખ્યાત કર્યું.

બાળકો, આપણે જોયું કે નાનપણમાં રામમૂર્તિને કેવો અનુભવ થયેલો. આપણે આપણા શરીરની કાળજી રાખવી જોઇએ. આપણું શરીર સારું હોય તો આપણને દરેક કામ કરવાનું ગમે. માંદા પડીએ, શરીર નબળું હોય તો કોઈ વાતમાં મજા ન આવે. શરીર સારું હોય તો જ મન પણ ખુશ રહે. તો જ ભણવામાં ને બીજા કામમાં ચિત્ત ચોંટે ને મન મજબૂત બને. આપણું માન સાચવવું હોય તોપણ શરીરમાં તાકાત જોઈએ અને શરીરનાં દરેક અંગને કેળવવાં જોઇએ.

આપણે ઘરનાં કામો હાથે જ કરતાં શીખીએ તોપણ શરીરને સારી કસરત મળે છે. ઘરના બળતણનાં લાકડાં ફાડીએ, લોટ દળવા ઘંટી ફેરવીએ, તેમ બાગ–બગીચામાં

કામ કરીએ. આપણાં કપડાં જાતે ધોઇ લઈએ. આવાં ઘર-કામ આપણે જાતે જ કરી લેવાં જોઈએ. ને તે કરવામાં ગમ્મત પડવી જોઇએ.

શરીર સારું રાખવા માટે માંસ, દારૂ, તમાકુ વગેરે પણ છોડી દેવાં જોઇએ. આ બધી નુકસાન કરનારી ચીજો છે.

અભ્યાસ-પ્રશ્નો

૧. રામમૂર્તિને નાનપણમાં શું અનુભવ થયો ?

૨. રામમૂર્તિએ તાકાત કેવી રીતે મેળવી ?

૩. શરીર માટે કયો ખોરાક સારો છે ?

૪. તમે રોજ કસરત કરો છો ? ઘરનું કામકાજ કરવા લાગો છો ?

(બીજી વાર્તા-હનુમાનનું સમુદ્રપાર જવું, અભિમન્યુની વીરતા.)

પાઠ ૬

બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યે તપસા દેવાઃ મૃત્યુમુપાઘ્નત । (વેદ)

બ્રહ્મચર્ય એટલે સંયમ અને મન પર કાબૂ મેળવીને દેવલોકોએ મૃત્યુ પર જીત મેળવી છે.

ભીષ્મ પિતામહ

(૧)

દેવવ્રત જુવાન હતો. એક દિવસ તેણે પોતાના પિતાને ઉદાસ જોયા. પિતાનું નામ શાંતનુ હતું. શાંતનુ હસ્તિનાપુરના રાજા. દેવવ્રત ત્યાંનો યુવરાજ હતો.

દેવવ્રતે પિતાનું દુઃખ જાણી લીધું. મહારાજા શાંતનુને એક ધીવરની કન્યા સાથે લગ્ન કરવાં હતાં, પણ એ ધીવરે પોતાની કન્યા સત્યવતીને મહારાજા જોડે પરણાવવા માટે એક શરત રજૂ કરી હતી. શરત આકરી હતી. તેથી શાંતનુ ઉદાસ હતા.

પિતાની સેવા કરવી અને તેમને સુખી રાખવા એને દેવવ્રત પોતાની ફરજ સમજતો હતો. દેવવ્રત તે ધીવર પાસે પહોંચ્યો. તેની શી શરત છે તે પૂછ્યું.

ધીવરે કહ્યું: 'શાંતનુ મહારાજ મારી કન્યાને પરણે તો તેના છોકરાને રાજગાદી મળે.' રાજ-ગાદી પર હક હતો દેવવ્રતનો. દેવવ્રત બોલ્યો: 'ભલે, હું રાજા નહિ બનું. જે ભાઈ થશે તેને રાજગાદી આપીશ.' તે છતાં ધીવર રાજી ન થયો.

દેવવ્રતે પૂછ્યું: 'કેમ, હવે શું વાંધો છે?'

'તમે રાજા ન બનો એ કબૂલ.' ધીવર ધીમે રહી બોલ્યો, 'પણ તમારા છોકરા રાજનો દાવો કરે તો મારી સત્યવતીના છોકરાને તો રાજગાદી ન મળે.'

દેવવ્રત વિચારમાં પડયો. તેણે થોડીવારમાં જ દૃઢ સંકલ્પ કરી લીધો. બોલ્યો: 'લ્યો, મારું વચન, રાજગાદીપરનો હું મારો હક છોડું છું. મૃત્યુ સુધી હું કુંવારો રહીશ.' દેવવ્રતે જુવાનીમાં ભયંકર પ્રતિજ્ઞા કરી તેથી તે ભીષ્મ કહેવાયા. ધીવરે પોતાની છોકરી શાંતનુને પરણાવી. ભીષ્મે આજીવન બ્રહ્મચર્યવ્રત રાખ્યું.

(૨)

ભીષ્મે જબરી સાધના કરી. તેમણે પોતાના મન પર કાબૂ મેળવ્યો. પોતાની ઇન્દ્રિયો પર પણ કાબૂ મેળવ્યો. તેઓ બ્રહ્મચારીનું જીવન જીવવા લાગ્યા.

મહારાજ શાંતનુ અને સત્યવતીને છોકરા થયા. તેઓ ગાદી પર બેઠા. પછી તેમના જે છોકરાઓ થયા તે ધૃતરાષ્ટ્ર ને પાંડુ નામે ઓળખાયા. ધૃતરાષ્ટ્રના છોકરા કૌરવો અને પાંડુના છોકરાઓ પાંડવો કહેવાયા. ભીષ્મ ત્યાં સુધી જીવતા રહ્યા. બ્રહ્મચર્યના બળવડે તેમની ઉંમર ૧૫૦ વરસ ઉપરની થઇ. કૌરવ–પાંડવોના તેઓ ભીષ્મ પિતામહ કહેવાયા.

કૌરવો ને પાંડવો વચ્ચે રાજ માટે મોટી લડાઇ થઇ. તે મહાભારતનું યુદ્ધ કહેવાય છે. આ યુદ્ધમાં ૧૫૬ વરસના ભીષ્મ પિતામહ કૌરવો તરફથી લડયા. તેમણે નવ દિવસ સુધી જબરી લડાઈ કરી. અર્જુન જેવો વીર પણ તેમને હરાવી ન શકયો. ઘડપણમાં પણ તેઓમાં એવું બ્રહ્મચર્યનું તેજ હતું. દસમે દિવસે ભીષ્મ પિતામહનું શરીર બાણોથી છેદાઇ ગયું. તેઓ બાણશૈયા પર ઢળી પડયા.

બાણશૈયા પર સૂતા હતા પણ તેમને દુઃખ ન હતું. બાણશૈયા પર પડયાં પડયાં તેમણે યુધિષ્ઠિરને રાજધર્મનો ઉપદેશ આપ્યો. તેમણે મૃત્યુને જીતી લીધું હતું. તેમની મરજી થઇ ત્યારે તેમણે પ્રાણ છોડયા.

વિદ્યાર્થીઓ, આપણે જોયું કે ભીષ્મ કેવા બળવાન હતા. તેમણે મરણને પણ જીતી લીધું હતું. તેમણે બ્રહ્મચર્યનું વ્રત પાળ્યું હતું. ૨૫ વરસની ઉમ્મર સુધી વિદ્યાર્થીને ભણવાનું હોય છે. ત્યાં સુધી તે લગ્ન કરતો નથી. બાળક ત્યાં સુધી બ્રહ્મચારી કહેવાય છે.

બ્રહ્મનો અર્થ જ્ઞાન થાય છે. વિદ્યાર્થી જ્ઞાન મેળવે છે એટલે બ્રહ્મચારી કહેવાય છે. બ્રહ્મનો અર્થ ભગવાન પણ થાય છે. જ્ઞાન મેળવીને વિદ્યાર્થી ભગવાનને જાણવા મથે છે તેથી પણ તે બ્રહ્મચારી કહેવાય છે. વિદ્યા મેળવતી વખતે બાળકે સંયમથી રહેવું જોઈએ. તપસ્વી જીવન ગાળવું જોઇએ. મોજશોખ છોડવા જોઇએ. દુઃખો વેઠીને પણ વિદ્યા મેળવવી જોઇએ.

અભ્યાસ-પ્રશ્નો

૧. દેવવ્રતે પિતાનું દુઃખ કેવી રીતે દૂર કર્યું ?
૨. તેમને ભીષ્મ પિતામહ કેમ કહેવામાં આવે છે ?
૩. ભીષ્મ પિતામહે મૃત્યુને કેવી રીતે જીત્યું ?
૪. બ્રહ્મચારી એટલે શું ?

(બીજી વાર્તા–હનુમાન, સ્વામી દયાનંદ, લક્ષ્મણ વગેરેના જીવનમાંથી દષ્ટાંતો આપી શકાય)

પાઠ ૭

સ્ત્રી-સન્માન

યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ । (મનુ.)

જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવ લોકો વસે છે.

'કહે નેપોલિયન દેશને કરવા આબાદાન,
સરસ રીત તો એ જ કે દો માતાને જ્ઞાન.'

શિવાજી અને જીજાબાઈ

(૧)

શિવનેરીનો કિલ્લો છે. આ કિલ્લામાં એક માતા પોતાના બાલુડાને ઝુલાવે છે. માતા હાલરડાં ગાય છે. નાનું બાળક આના મીઠા બોલ સાંભળી હરખાય છે. માતા પણ બાળકને જોઈને રાજી થાય છે.

શિવનેરીના કિલ્લામાં બાલુડાને ઝુલાવતી માતા જીજાબાઈ છે. નાના શિશુનું નામ શિવાજી છે. જીજાબાઈ પોતાના દેશની ને ધર્મની હાલત જોઈ

ઘણી દુઃખી થતી. તે વખતે હિંદુસ્તાનમાં મુસલમાનોનું રાજ ચાલતું. મુસલમાનો આખા હિંદુસ્તાનને જીતી લેવા મથતા. માતા જીજાબાઇને આ ગમતું નહિ. તેને મોટા મોટા વિચારો આવતા.



પ્રભુએ તેના વિચારો પૂરા કરવા તેને એક દીકરો આપ્યો. શિવાજી મોટો થવા લાગ્યો. જીજાબાઇએ તેને કેળવણી આપી. મા પોતે બહુ હોશિયાર ને ધાર્મિક હતી તેની છાપ બાળ શિવાજી પર પડી. જીજાબાઇ રામાયણ ને મહાભારતની કથા શિવાજીને કહેતી. રામ–લક્ષ્મણ અને ભીમ–અર્જુનનાં પરાક્રમોની વાર્તા સંભળાવતી. શિવાજીને બાળપણમાંથી ધર્મ, દેશ અને જાતિસેવાનો પાઠ મળ્યો. માના ગુણ દીકરામાં ઊતર્યા. માતાને મન ટાઢક થઇ.

મોટા થઈ શિવાજીએ પોતાનું એક સ્વતંત્ર રાજ સ્થાપ્યું અને કાયમ કર્યું તે માતાના શિક્ષણને લીધે.

(૨)

શિવાજીનો દરબાર ભરાયો છે. નગારાં ને વાજાં વાગે છે. લોકો રાજી રાજી થઈ ફરે છે. આજે શિવાજીના સરદારે મુગલ બાદશાહ પાસેથી કલ્યાણનો કિલ્લો જીત્યો છે. એ જીતની ખુશાલીમાં દરબાર ભરાયો છે. જીતમાં મળેલી ચીજો એક પછી એક શિવાજી આગળ હાજર કરવામાં આવે છે. શિવાજી બધી ચીજો સિપાઈઓને વહેંચી આપે છે.

છેવટે સરદાર છેલ્લી ભેટ લઈને હાજર થાય છે. શિવાજીની આગળ મુગલસબાની બે બેગમો હાજર કરવામાં આવે છે. શિવાજીની આંખો ગુસ્સામાં રાતી બને છે. સ્ત્રીઓને કેદ કરનાર સરદારને તે ઠપકો આપે છે ને હુકમ કરે છે કે બેગમોને માન સાથે તેમના ઘેર પાછી મોકલી આપવી. શિવાજીને મન બધી પારકી સ્ત્રીઓ મા અને બહેન સરખી હતી. તેઓ સ્ત્રીઓ તરફ માનની નજરે જોતા. માતા જીજાબાઈએ તેમને સ્ત્રી-સન્માનનું શિક્ષણ આપેલું.

વિદ્યાર્થીબંધુઓ, આપણે આ પાઠમાં જોયું કે શિવાજી કેવી રીતે મોટા બન્યા. તેમની માતા કેવી સંસ્કારી હતી. જીજાબાઇના શિક્ષણથી જ શિવાજીમાં સારા ગુણો આવેલા. બાળકને પહેલું શિક્ષણ મા પાસેથી મળે છે. જો માતા કેળવાયેલી હશે તો બાળકો પણ હોશિયાર થશે. તેથી દરેક છોકરીઓ અને બહેનોએ સારું શિક્ષણ મેળવવું જોઇએ.

આપણે બહેનો તરફ માનની લાગણીથી જોવું જોઇએ. આપણી બહેન હોય કે બીજી કોઈ છોકરી હોય, દરેક સાથે સારી રીતે વર્તવું જોઇએ. બહેનોને મદદ કરવી જોઈએ. તેમની તરફ વિનય ને નમ્રતા રાખવાં જોઈએ. કોઇ પણ છોકરીની મશ્કરી તો કદી થાય જ નહિ.

અભ્યાસ-પ્રશ્નો

૧. શિવાજી પર કોની છાપ પડી હતી ?

૨ શિવાજીએ મુગલ-સ્ત્રીઓનું શું કર્યું ?

૩. બહેનો સાથે કેવી રીતે વર્તવું જોઈએ ?

૪. ગાડીમાં તમે બેઠા હો ને કોઈ બહેન આવીને જગ્યા ન હોવાથી ઊભી રહે તો તમે શું કરશો ?

(બીજી વાર્તા —અભિમન્યુ, ગાંધીજી, શંકરાચાર્ય)

પાઠ ૮

સરખી વહેંચણી

સમાની પ્રપા સહ વોઽન્નભાગઃ
સમાને યોક્ત્રે સહ વો યુનજ્મિ ! (વેદ.)


તમારું પીણું એક સરખું હો. તમારું ખાણું એક સાથે ને સરખી રીતે વહેંચાયલું હો. તમે બધા એક વિચારથી મળીસંપીને દરેક કામ કરો.

બુદ્ધની ભિખારણ

એક વખત શ્રાવસ્તી નગરીમાં દુકાળ પડયો. લોકો ભૂખે મરવા લાગ્યા. બધે હાહાકાર થઈ રહ્યો. જેની પાસે અનાજ હતું તેણે તે સંતાડવા માંડયું. લોકો ભૂખ્યાંને ખવડાવવાનો ધર્મ ભૂલ્યાં. વેપારીઓએ અનાજના ભાવ વધારી દીધા. ગરીબ લોકો અનાજ માટે ટળવળવા લાગ્યાં.

ભગવાન ગૌતમ બુદ્ધથી લોકોનું આ દુઃખ જોવાયું નહિ. તેમનું કોમળ ને દયાળુ દિલ કંપી ઊઠયું. બુદ્ધ ભગવાને નગરજનોને ભેગાં કર્યાં.

શ્રાવસ્તીના મોટા શેઠો આવ્યા. વેપારીઓ આવ્યા.



રાજના માણસો આવ્યા. લોકોના નેતાઓ આવ્યા. બ્રાહ્મણો આવ્યા ને ભિખ્ખુઓ આવ્યા.

ભગવાન બુદ્ધે પ્રશ્ન કર્યો: 'હે નગરના પ્રિય-જનો, શ્રાવસ્તી-ની પ્રજા ભૂખે મરી રહી છે. એ લોકોને ખવડાવવાનો ભાર કોણ લે છે?'

નગરશેઠ બોલ્યા: 'પ્રભુ, આપ કહો તો ગમે તેટલા પૈસા કાઢી આપું, પણ બધાને દાણો મારાથી પૂરો પડે નહિ.'

રાજના કોઠરી બોલ્યા: 'ભગવન્! રાજના કોઠારમાં અનાજનો દાણો નથી. રાજ પણ આ કામ ઉપાડી શકે એમ નથી.

સેનાપતિ બોલ્યા: 'આપનો હુકમ હોય તો પ્રજાના ભલા માટે અમે માથું ઉતારી આપીએ, પણ અનાજ પૂરું પાડવાની અમારી હિમ્મત નથી.'

સૌ નિરાશ બન્યાં. બુદ્ધ ભગવાનની આંખો નિરાશામાં ચારે તરફ ફરી રહી. સૌના મોં પર દુ:ખ હતું.

આખરે સ્ત્રીઓના ટોળામાંથી એક ભિખ્ખુણી ઊઠી. એ સુપ્રિયા હતી. તે અનાથ પિંડકની પુત્રી હતી. તે બોલી: 'ભગવન્, આપની કૃપાથી આ કામ હું માથે લઉં છું.'

લોકો નવાઈ પામ્યાં, શું આ ભિખારણ આખા શહેરને અનાજ પૂરું પાડશે? કેટલાક એની મૂર્ખાઈ પર હસ્યાં. કેટલાક ગુસ્સે થયાં. સુપ્રિયા બોલી: 'હે શ્રાવસ્તીનાં નગરજનો, મારી પાસે તો આ એક ભિક્ષાપાત્ર છે. હું તો એ લઈ તમારે ઘેર જ આવીશ. તમારાથી જે બને તે મદદ કરશો. હું તે લઈ શ્રાવસ્તીના ખૂણે ખૂણે ફરીશ ને ભૂખ્યાને દાણો પહોંચાડીશ.

તે દિવસથી સુપ્રિયા પોતાનું ભિક્ષાપાત્ર લઈ

ઘેરઘેર ફરવા લાગી. મુઠ્ઠી મુઠ્ઠી અનાજ માગી તે દરેક જણને જમાડતી. છેવટે પોતે જમતી.

બાળકો, આપણે જાણીએ છીએ કે સાચો ધર્મ દયા છે. ભૂખ્યાંને અનાજ અને તરસ્યાંને પાણી આપવું એ સૌથી મોટી દયા છે. જ્યારે આપણો પાડોશી ભૂખે મરતો હોય ત્યારે આપણે ખાઈને બેસી ન રહીએ. જ્યાં સુધી બીજાને ખાવાને અનાજ ન મળે ત્યાં સુધી આપણે માલપાણી ન ઉડાવી શકીએ. દરેક માણસને ખાવાને અનાજ, પહેરવાને કપડાં અને રહેવાને ઘર જોઈએ. જ્યાં સુધી દરેકને આ ત્રણ ચીજ ન મળે ત્યાં સુધી આપણે મોજશોખ ન કરી શકીએ. બીજા ભૂખે મરતા હોય ત્યારે અનાજ ભેગું કરી બેસી જવું કે બીજાને મોંઘું અનાજ વેચવું એ પાપ છે. આપણે બધાં વહેંચીને ખાઈએ તો બધા સુખી રહીએ.

અભ્યાસ–પ્રશ્નો

૧. સુપ્રિયાએ બધાંને કેવી રીતે અનાજ પૂરું પાડ્યું ?

૨. બધાંને કઈ ત્રણ વસ્તુઓની જરૂર રહે છે ?

૩. તમો ઘેર ભાઈબહેન સાથે બધું વહેંચીને વાપરો છો ?

૪. બુદ્ધ ભગવાન કોણ હતા ?

(બીજી વાર્તા–યુધિષ્ઠિરનો યજ્ઞ ને નોળિયો, સિંહણનાં બચ્ચાં.)

પાઠ ૯

વ્યસન

વર્જયેન્મધુ માંસં ચ. (મનુસ્મૃતિ.)

માણસે શરાબ કે દારૂ પીવો ન જોઈએ. માંસ પણ ખાવું ન જોઈએ, તેમ બીડી–સિગારેટ પીવાની પણ લત છોડવી જોઈએ.

કેફ ક્યાંથી ઘટશે ભાઈ,
ચિત્તમાં ચતુરાઇ જી રે.
ધન ખરચી લેવી ખાંડાઇ,
મોટી એ મુરખાઈ, કેફ ન કરીએજી.

સર્વનાશ

એક દિવસ ગુરુજી વિદ્યાર્થીઓને લઈને ગામમાં ફરવા નીકળ્યા. પહેલાં તેઓ મંદિરે ગયા. ત્યાં સુંદર સુંદર ફૂલો ખીલેલાં હતાં. અગરબત્તીની સુવાસ આવતી હતી. પંખીઓ મધુર કલરવ કરતાં હતાં. આ બધાંથી વિદ્યાર્થીઓનું મન ઘણું રાજી થયું.

મંદિરેથી તેઓ નાથુ પટેલની વાડીએ ગયા. નાથુ પટેલ ઘણા ભલા અને દયાળુ હતા. લોકો તેમને નાથુ ભગતને નામે ઓળખતા. વિદ્યાર્થીઓએ ફરીને ભગતની વાડી જોઇ. કોસ વડે વાડીમાં પાણી પવાતું જોયું. નાથુ ભગતે વાડીમાં પાકેલાં ચીકુ, રાયણ, જામફળ વગેરે વિદ્યાર્થીઓને ખાવાને આણી આપ્યાં. નાથુ ભગતે વાડી પાસે એક આંબા નીચે પરબ માંડી હતી. ત્યાં બધાએ પાણી પીધું.

પાછા ફરતાં સાંજ થવા આવી. ગુરુજી વિદ્યાર્થીઓને લઇ પાછા વળ્યા. ત્યાં રસ્તામાં બે માણસો લડતા હતા. તેમનાં કપડાં ફાટેલાં હતાં ને તેઓ ગાળાગાળી કરતા હતા. તેમના પગ સીધા પડતા ન હતા. તેઓ ચાલતા ચાલતા લથડતા હતા. એક જણ તો સીધે રસ્તે જવાને બદલે આડે રસ્તે ગયો ત્યાં તેનો પગ લપસ્યો, ને તે ખાબોચિયામાં જઇ પડ્યો. તેનું માથું પથ્થર સાથે અથડાયું. માથામાંથી લોહી નીકળવા લાગ્યું. વિદ્યાર્થીઓ તો આ બધું જોઈ આભા જ બની ગયા.

ગુરુજી વિદ્યાર્થીઓને પાસે લઇ ગયા. તેમણે

કહ્યુ: ' આ લોકોએ દારૂ પીધો છે.' રવીન્દ્ર બોલ્યો: 'ગુરુજી, પેલો તો ખાબોચિયામાં પડ્યો છે છતાં ઊઠતો જ નથી.' ' એ તો જે દારૂ પીએ તેની આવી જ દશા થાય છે, એને પોતાનું પણ ભાન રહેતું નથી. આપણે તેને મદદ કરવી પડશે.' ગુરુજી બોલ્યા.

ગુરુજીએ બે મોટા વિદ્યાર્થીઓની મદદથી પેલા માણસને ઉઠાડ્યો. તેનો ઘા ધોયો અને તેને પકડીને ઘરે લઈ ગયા. તેનું ઘર નાનું હતું. પડું પડું થઇ રહ્યું હતું. ઘરમાં એક બાઈ સૂતેલી હતી. તે માંદી હતી. બે–ત્રણ બાળકો બારણામાં રમતાં હતાં. તેમના શરીર પર કપડાં ન હતાં. બધાં ધૂળવાળા બન્યાં હતાં.

ગુરુજીને જોઇ પેલી બાઇ જેમતેમ ખાટલામાં બેઠી થઈ. તે બોલી: ' સાહેબ, તમે ઘણી મહેરબાની કરી. એમને તો દારૂની લત પડી ગઇ છે. ચાર–છ આના મજૂરીમાં મળે તે તે પીવામાં વાપરી કાઢે છે. છોકરાંઓને પૂરતું ખાવાનું મળતું નથી. કપડાં પણ નથી. એમને કહીએ એટલે અમને ગાળો દે ને મારે પણ. એમને ભાન જ ક્યાં રહે છે !'

પેલી માંદીને બોલતાં બોલતાં થાક ચડયો. થોડીવારે શ્વાસ લઇને તે ફરી બોલી: 'ભાઇસાહેબ, આવી દશામાં હું મજૂરી કરીને બધાંનું ગમે તેમ પેટ ભરતી, આજે તો એ પણ નથી. દવાના પણ પૈસા નથી. એ તો બધા પૈસા પીવામાં વાપરી કાઢે છે.' આમ કહી તે બાઈ તો દુ:ખથી રડવા લાગી.

ગુરુજીએ તે બાઇને ધીરજ આપી. વૈદને ત્યાંથી દવા લાવી આપવાનું કહ્યું ને બધા વિદ્યાર્થીઓ સાથે પાછા ફર્યા.

બાળકો આપણે જોયું કે દારૂ–તાડીથી કેવો સર્વનાશ થાય છે. દારૂડિયાને સારા–ખરાબનું ભાન રહેતું નથી. ઘરમાં કે બહાર તેનું માન રહેતું નથી. દારૂ પીવાથી શરીર બગડે છે. મન નબળું થાય છે. મનપર કાબૂ રહેતો નથી. આપણી ખરી મહેનતના પૈસા ખોટે રસ્તે વપરાઇ જાય છે. આપણાં બચ્ચાંનાં સુખ–સગવડ માટે પૈસા રહેતા નથી. તેમને ખોરાક ને કપડાં મળતાં નથી. તેમને શિક્ષણ આપી શકાતું નથી. આવી બધી બદીઓને લીધે દરેક ધર્મમાં દારૂ પીવાને પાપ ગણ્યું છે.

દારૂની માફક જ અફીણ, ભાંગ, ગાંજો, તમાકુ વગેરે પણ શરીર અને મનને નુકસાન કરે છે. તમાકુમાં એક

જાતનું ઝેર હોય છે. આજે તો બીડી–સિગારેટ પીવાનો શોખ થઇ પડયો છે, પણ એ ખોટો છે. એનાથી નુકસાન જ થાય છે. વિદ્યાર્થીઓએ તો એનાથી બચવું જ જોઈએ.

તે જ પ્રમાણે માંસ ખાવું પણ સારું નથી. તે માટે જનાવરોને મારવાં પડે છે. આપણામાં જે જીવ છે તેવો જ બીજામાં પણ છે. જેમ આપણને દુઃખ થાય છે તેમ મૂંગાં જનાવરોને પણ દુઃખ થાય છે. તેમને મારવામાં પાપ છે. વળી માંસથી પણ શરીર અને મન નબળાં બને છે. બુદ્ધિ બગડે છે. માટે આવી દરેક વસ્તુ દરેક માણસે છોડી દેવી જોઈએ. અને જિંદગીમાં તે નહિ લઉં એવી ટેક લેવી જોઈએ.

અભ્યાસ–પ્રશ્નો

૧. દારૂડિયો શાથી ખાબોચિયામાં પડી ગયો ?

૨. માંદી બાઈને દવા માટે પૈસા કેમ મળતા નહિ ?

૩. દારૂ પીવાથી શું નુકસાન થાય છે ?

૪. બીજી કઈ વસ્તુઓ નુકસાન કરનારી છે ?

(બીજી વાર્તા–યાદવકુળનો નાશ)

પાઠ ૧૦

પરોપકાર

પરોપકારાર્થમિદં શરીરમ્.

બીજાની ભલાઈ કરવામાં જ આ જિંદગી વિતાવવી જોઈએ.

જો મરણ એ જિંદગીની, છે અરે છેલ્લી દશા,
તો પરાર્થે અર્પવામાં, આ જીવનના મોહ શા.

પુરોહિતનું બલિદાન

'મારા તીરનું નિશાન લાગ્યું છે.' પ્રતાપસિંહ બોલ્યા.

'ના, મારા તીરે રીંછ ઘાયલ થયું છે.' શક્તસિંહ બોલ્યા.

એક રીંછ ઘાયલ થઈ પડયું હતું. તેની પાસે બે રાજપુત્રો આ પ્રમાણે વાદ કરતા ઊભા હતા. બન્ને મમતે ચઢયા હતા. બન્નેને પોતાની

નિશાનબાજીનો ગર્વ હતો. બન્ને પોતાને રીંછને મારનાર સમજતા હતા.

પ્રતાપસિંહ અને શક્તસિંહ મેવાડના રાજપુત્રો હતા. બંને બહાદુર ને હોશિયાર હતા. લોકો તેમનાં બળ ને હિંમત જોઇ હરખાતા.

એક વખતે આ બન્ને રાજપુત્રો શિકાર કરવા ગયા. જંગલમાં તેમણે રીંછ જોયું ને તેની પૂંઠે પોતાના ઘોડા મારી મૂકયા. બંનેએ તીર સાંધ્યાં. તીર એકી વખતે છૂટયાં. એક તીરથી રીંછ ઘવાયું અને બીજું તીર ખાલી ગયું.

આ વાત ઉપરથી બન્ને ભાઇઓમાં તકરાર થઇ. બન્ને મમતે ચડયા. કજિયો વધ્યો. શક્તસિંહ કહે: ' આપણામાં કોણ ખરું તેની પરીક્ષા આપણી તલવારોથી કરી લઇએ.' વાતમાં ને વાતમાં બન્ને ભાઇઓ લડવા તૈયાર થઇ ગયા ને મેદાનમાં ઊતર્યા.

એવામાં ત્યાં મેવાડના રાજપુરોહિત આવી ચડયા. તેમણે જોયું કે બંને ભાઈઓ લડી મરે છે. એ વૃદ્ધ બ્રાહ્મણે બંને ભાઇઓને ઘણા વાર્યા પણ કોઇ માન્યું નહિ.

વૃદ્ધ પુરોહિતે જોયું કે બે ભાઈઓની લડાઈથી રાજમાં ઘણું વેર જાગશે. માતૃભૂમિ મેવાડના દુશ્મનો ફાવશે. રજપૂતો નબળા પડશે. તે બ્રાહ્મણે પોતાની ફરજ સમજી લીધી. તેણે પ્રતાપસિંહ અને શક્તસિંહને છેવટની ચેતવણી આપી. પણ આ બ્રાહ્મણનું કોઈએ સાંભળ્યું નહિ.

આથી બ્રાહ્મણે પોતાની કટાર કાઢી. ને બોલ્યો: 'તમે ભાઈઓ કપાઈ મરો તે પહેલાં હું પ્રાણ છોડીશ.' આમ કહી બ્રાહ્મણે પોતાના પેટમાં કટાર ખોસી દીધી.

ઘડીભરમાં દૃશ્ય બદલાઈ ગયું. બ્રાહ્મણ છેલ્લો શ્વાસ છોડતો હતો. પ્રતાપસિંહ અને શક્તસિંહ તલવારો હેઠી મૂકી નીચે મોઢે ઊભા હતા. બ્રાહ્મણે પોતાનો જીવ આપી ભાઈઓને બચાવી લીધા. પોતાની માતૃભૂમિ મેવાડને બચાવી લીધી.

વિદ્યાર્થીઓ, આપણે આ પાઠમાં જોયું કે બે ભાઈઓ જૂઠા મમતમાં કેવી તકરાર કરવા લાગ્યા હતા. તેઓ જૂઠો ગર્વ ન રાખતા હોત તો તેમની વચ્ચે આવી તકરાર થાત નહિ. તેઓ ભાઈ ભાઈ છે તે ભૂલી ગયા. તેમણે સાચા બ્રાહ્મણનું કહેવું ન સાંભળ્યું. આપણે એ પણ જોયું કે

રાજ–પુરોહિતે પોતાનું સુખ ન વિચાર્યું. બંને ભાઈઓને બચાવવા પોતાનો જીવ આપી દીધો. આપણને પ્રભુએ આ શરીર આપ્યું છે. બે હાથ ને પગ આપ્યા છે. આપણને બુદ્ધિ આપી છે. એટલે આપણે આપણા આ શરીરથી પારકાનું દુઃખ દૂર કરવું જોઇએ. પોતાનું ભલું તો બધા જ કરે છે, પણ જે બીજાને માટે જીવે છે તે અમર બને છે.

અભ્યાસ–પ્રશ્નો

૧. પ્રતાપસિંહ અને શક્તસિંહ શા માટે લડતા હતા ?

૨. જૂઠા મમતનું શું પરિણામ આવે ?

૩. રાજપુરોહિત કેમ અમર થયા ?

૪. તમે કોઈના માટે દુઃખ વેઠ્યું છે ?

(બીજી વાર્તા–દધીચિ. ગાંધીજી, જતીન્દ્રનાથ વગેરેનાં દ્રષ્ટાન્તો)

પાઠ ૧૬

સ્વરાજ ને માતૃભૂમિ

વ્યચિષ્ઠે બહુપાય્યે યતેમહિ સ્વરાજ્યે. (વેદ.)

સઘળાંનું પોષણ કરનાર અને સુખ આપનાર સ્વરાજ માટે આપણે મહેનત કરીએ.

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે.' (તિલક.)


સારામાં સારા પરદેશી રાજ કરતાં ગમે તેવું આપણું રાજ–સ્વરાજ–વધારે સારું છે.

(સ્વામી દયાનંદ)

બારડોલીની લડત

પશુઓનું ધણ અને ગામનું દરેક જણ ગામ છોડીને ચાલી નીકળ્યું છે. નથી ખાવાને કણ, નથી ચણવાને ચણ. બારડોલી તાલુકાનું આ ગામ હતું. ગામના લોકો હિજરત કરી જતાં હતાં. તેમના સરદારનો આ હુકમ હતો. બારડોલીમાં સ્વરાજની લડત ચાલતી હતી.

આખું ગામ ઉજ્જડ બન્યું હતું. બધું સૂમસામ. ગામમાં ન રહ્યો કૂતરો કે ન રહ્યા કાગડો. ફક્ત બે-ચાર માણસો દેખાતા હતા, પણ તે ગામના ન હતા. તે સરકારી માણસ હતા. સરકારે મોકલેલા સિપાઇઓ ને પકાણો હતા.



હિન્દુસ્તાનમાં પરદેશી સરકારનું રાજ હતું. તેને હૈયે લોકોનું સુખ વસેલું ન હતું. તે પોતાના રાજનું રક્ષણ કરવા કરોડો રૂપિયા ખરચતી. ને તે માટે ગરીબ લોકો પર મહેસૂલ ને કર નાખતી.

બારડોલી તાલુકામાં સરકારે જમીનનું મહેસૂલ વધારી દીધું. ખેડૂતોને સુખનો રોટલો ન મળતો તો આ વધારાના પૈસા ક્યાંથી આપી શકે! તેમણે જુલમી અને લૂંટારું પરદેશી સરકારનો સામનો કરવાનો નિર્ણય કર્યો.

આ લડતના સરદાર બન્યા વલ્લભભાઈ પટેલ. દુનિયાએ નહિ જોયેલી એવી આ લડાઈ હતી. સરકાર પાસે લડવાને તોપો ને બંદૂકો હતી. તેની પાસે જુલ્મી સિપાઈઓ અને ખૂંખાર પઠાણો હતા. ગરીબ ખેડૂત પાસે તો લાકડી પણ ન હતી.

આ બારડોલીના ખેડૂતો પાસે હતું ન્યાયનું બળ. સચ્ચાઈ અને અહિંસાની તાકાત. અને તેમની પાસે હતા અડગ એવા નેતા સરદાર વલ્લભભાઈ પટેલ.

સરદાર પટેલે લોકોને મંત્ર આપ્યો: 'મરી જઈશું, પણ મહેસૂલ ભરીશું નહિ. ટુકડે ટુકડા થઈ જઈશું પણ હિંમત હારીશું નહિ. સરકારનો જુલમ વેઠીશું, પણ પાછા હઠીશું નહિ.' સરદારે કહ્યું: 'જે પોતાના હક માટે લડી શકતો નથી તે કાયર જીવવાને લાયક નથી.'

લોકોએ પોતાના સરદારના બોલ ઝીલ્યા. બારડોલીનું ગામેગામ લડત માટે તૈયાર થયું. ગામે ગામ હિજરત થવા લાગી. લોકોમાં ખૂબ જોશ આવ્યું હતું. નવજવાનોનાં ટોળાં ત્રિરંગી વાવટો લઈ નીકળતાં અને ગાતાં—

નહિ નમશે, નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું
ભારતની એ ધર્મ-ધજાનું, સાચવશું સન્માન—ભૂમિ.
ઐક્ય તણો એ અમરપટો છે, મુક્તિનું વરદાન,
ભારત માના મંદિરપર એ, શાંતિનું એંધાણ—ભૂમિ.

નાની વાનરસેના સરઘસ કાઢતી ને ગાતી—

અમે ડરતા નથી, હવે કોઇથી રે
સદા ભજીએ ભલા ભગવાન—અમે ડરતા૦
બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન—અમે ડરતા૦
બાપુ ગાંધીના બોલ અમે પાળશું રે,
નથી રહેવું હવે હેવાન—અમે ડરતા૦

સરકારે પણ પોતાની તાકાત વાપરી. લોકોનાં ઘર તોડયાં. તેમનાં માલમિલકત જપ્ત કર્યાં. કોઈ રડયું ખડયું ઢોર જોવામાં આવ્યું તો તેને સિપાઈઓ હાંકી ગયા. કેટલેક ઠેકાણે લાઠીમાર પણ કર્યો. પણ લોકો અડગ રહ્યાં.

આખરે સરકાર નમી. સત્યના બળ આગળ પશુબળ હેઠું પડયું. સરકારે ખેડૂતો પર વધારેલું મહેસૂલ માફ કર્યું. હિંદુસ્તાનમાં 'બારડોલી' 'બારડોલી' ગાજી ઊઠયું. બારડોલીની લડતથી બ્રિટિશ સરકાર ડોલી. બારડોલીના અહિંસક ખેડૂતો વિજયી બન્યા. બારડોલીના સરદાર વિજયી બન્યા. વલ્લભભાઈ પટેલ હિંદુસ્તાનના સરદાર બન્યા.

વિદ્યાર્થીઓ, બારડોલીની લડત કેવી રીતે લડાઇ તે આપણે જોયું. જે આપણા પર જુલમ કરે છે તેની સામે લડવું પડે છે. આપણા હકને માટે આપણે લડવું પડે છે. જે દેશમાં આપણો જન્મ થયો છે તે આપણી માતૃભૂમિ છે. આપણે આપણી માતૃભૂમિનું અનાજ ખાઈએ છીએ. માતૃભૂમિ આપણને પાણી, પવન, ફળફૂલ અનાજ ને વનસ્પતિઓ આપે છે. આપણને માની જેમ આશરો આપે છે.

એ માતૃભૂમિમાં જેનો જન્મ થયો છે તે બધા ભાઇઓ છે. તે બધાનો આ મા ઉપર સરખો હક છે. તેના પર તેનાં સંતાનોનું જ રાજ હોઇ શકે. તે જ સ્વરાજ કહેવાય. સ્વરાજ એટલે આપણું પોતાનું રાજ. આપણા એ રાજ અને આપણી એ માતૃભૂમિનું રક્ષણ કરવાની આપણી બધાની ફરજ છે. તે માટે આપણે ગમે તે ભોગ આપવા તૈયાર રહેવું જોઇએ. સ્વરાજમાં જેવું સુખ છે, તેવું ગમે તેવા ભલા પરદેશી રાજમાં પણ નથી.

અભ્યાસ-પ્રશ્નો

૧. બારડોલીમાં શાની લડત લડાઈ ?

૨. એ લડતના સરદાર કોણ હતા ? તેમણે શો મંત્ર આપેલો ?

૩. માતૃભૂમિ આપણને શું શું આપે છે ?

૪. માતૃભૂમિ પ્રત્યે આપણી શી ફરજ છે ?

(બીજી વાર્તા—સ્વરાજ-સંગ્રામની કોઇ પણ લડત)

પાઠ ૧૨

મૃત્યુપર વિજય

અદ્યૈવ વા મરણમસ્તુ યુગાન્તરે વા
ન્યાય્યાત્પથઃ પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ (ભર્તૃહરિ)


સચ્ચાઇને રસ્તે ચાલતાં ભલે આજે મરણ થાઓ કે વર્ષો પછી મરણ નીપજો, પણ ધીર પુરુષો કોઇ દિવસ સચ્ચાઇનો કે ન્યાયનો રસ્તો છોડતા નથી. તેમાં તેઓ મરણથી ડરતા નથી.

મૃત્યુંજય શ્રદ્ધાનંદ

મહાત્મા ગાંધીજીએ દેશમાં સ્વરાજની લડત ચાલુ કરી. દિલ્હીમાં પણ લડતે જોર પકડયું. લોકો પોલીસથી ડરતા નહિ. તેમને ગોરાની બીક પણ રહી ન હતી. નાનાં નાનાં છોકરાંઓ શેરીએ શેરીએ ફરી, 'વન્દેમાતરમ્' અને 'મહાત્મા ગાંધીજીકી જય' ના પોકારો કરતા.

પરદેશી બ્રિટિશ સરકારે પણ આ લડતને દબાવવાનો પાકો નિશ્ચય કર્યો. દિલ્હી તો એ

સરકારની રાજધાની. આખા શહેરમાં પોલીસ મૂકી દેવામાં આવી. લોકો પર સખ્ત દાબ બેસાડયો. કેટલીક જગ્યાએ ગોળીબાર પણ કર્યો.



લોકો સરકારના જુલમથી ડર્યા નહિં. તેમણે મોટું સરઘસ કાઢયું. હજારો લોકો તેમાં જોડાયા. આ સરઘસની મોખરે એક સન્યાસી હતા. ઊંચું કદાવર શરીર, તેજ મારતું કપાળ અને ચળકતી આંખો. દિલ્હીની પ્રજાના તાજ વિનાના એ બાદશાહ હતા. લોકોનાં દિલના એ રાજા હતા. એ સન્યાસી હતા સ્વામી શ્રદ્ધાનંદ.

સ્વામી શ્રદ્ધાનંદની આગેવાની હેઠળ સરઘસ દિલ્હીના રાજમાર્ગ પર આગળ વધવા માંડયું. લોકોનું જોશ જોઇ સરકાર ડરી ગઇ. તેણે ગોરી સેનાને બોલાવી. સરઘસને રસ્તે ઊભી કરી દીધી.

એ ગોરી ફોજના સરદારે સરઘસને પાછા વળવાનો હુકમ કર્યો. ગોળીબાર કરવાની ધમકી આપી. સ્વામી શ્રદ્ધાનંદની જવાબદારી ભારે હતી. લોકો જોશમાં આવી તોફાન ન કરે તે પણ તેમણે જોવાનું હતું. આ તો સત્યાગ્રહ હતો. અહિંસક લડાઇ હતી. તેમાં તો દુશ્મનને પણ મરાય નહિ. સ્વામીજીએ લોકોને સમજાવ્યા. તેમને શાંત પાડયા ને તોફાન ન કરવા જણાવ્યું. પછી શ્રદ્ધાનંદ પોલીસ-અમલદાર તરફ ફર્યા ને કહ્યું: 'આ સરઘસ પાછું નહિ ફરે.' ગોરો ચિડાયો. દુનિયાભરમાં જે સરકારનું રાજ ચાલે, જેના લશ્કરથી ભલભલા ધ્રૂજી ઊઠે, તે સરકારના હુકમને આ ભગવા કપડાંવાળો સાધુ માન નથી આપતો!

ગોરા અમલદારે લશ્કરને ગોળીબાર કરવા માટે તૈયાર થવા હુકમ આપ્યો. હુકમ થયો ને બંદૂકો તૈયાર થઈ.

આ જોઇ સ્વામી શ્રદ્ધાનંદ બે ડગલાં આગળ વધ્યા. છાતી બતાવીને તે બોલ્યા: 'તારી હિંમત હોય તો ચલાવ ગોળી. આગળ વધેલું ડગલું હવે પાછું નહિ હઠે.'

ગોરા અમલદારની હિંમત ચાલી નહિ. તેની બંદૂક નીચી નમી ગઈ. સરઘસ આગળ વધ્યું. સ્વામી શ્રદ્ધાનંદ મૃત્યુંજય થયા. તેમણે મોતને જીતી લીધું.

બાળકો, સચ્ચાઇને રસ્તે જતાં સ્વામી શ્રદ્ધાનંદે કેવી હિંમત બતાવી. દેશની સ્વરાજની લડતમાં તેમણે મરવાની તૈયારી બતાવી. આવા વીર પુરુષો મરણથી ડરતા નથી. તેમની હિંમતથી પ્રજામાં હિંમત આવે છે. તેમની પાસે સત્ય અને ન્યાયનું બળ હોય છે. ખરું જોર બંદૂક કે તલવારમાં નથી. તે તો સચ્ચાઇમાં છે. સાચા માણસને કદી બીક લાગતી નથી. હિન્દુસ્તાનના લોકો સાચા રસ્તે હતા, તેમની પાસે હથિયાર ન હતાં છતાં તેમણે બ્રિટિશ સરકારને હરાવી. તે સત્યના બળે પૈસા મળે કે ન મળે, લોકો વખાણે કે વગોવે, મરણ થાય કે ન થાય, પણ સાચા પુરુષો પોતાની સચ્ચાઇનો, ન્યાયનો, રસ્તો છોડતા નથી.

અભ્યાસ-પ્રશ્નો

(૧) સત્યાગ્રહની લડાઈ કઈ જાતની હતી?

(૨) સ્વામી શ્રદ્ધાનંદ દિલ્હીના બાદશાહ કેમ કહેવાયા?

(૩) સ્વામી શ્રદ્ધાનંદ મૃત્યુંજય કેવી રીતે થયા?

(૪) સાચી તાકાત શેમાં છે?

(બીજી વાર્તા: લોકમાન્ય તિલક, લાલા લાજપતરાય, સુભાષબાબુ વગેરેનાં જીવનનાં દૃષ્ટાન્તો)

પાઠ ૧૩

અવેર

નહિ વેરેન વેરાનિ સમ્મન્તિ ધ કુદાચન,
અવેરેન સમ્મન્તિ એસ ધમ્મો સનંતનો (ધમ્મપદ)

વેરથી વેરની શાંતિ થતી નથી. પ્રેમ અને મૈત્રીથી જ વેર શાંતિ પામે છે. એ જ સાચો પુરાતન ધર્મ છે.

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ.
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ. (દલપતરામ)

વસંતરાવ : રજબઅલી

ગુજરાતનું પાટનગર અમદાવાદ. એ ઘણું મોટું શહેર છે. આ અમદાવાદ શહેરમાં એક વખત હિન્દુ અને મુસલમાનો વચ્ચે મોટું હુલ્લડ થયું. લોકો ગાંડા બની એકબીજાને મારવા ને કાપવા લાગ્યા. ધર્મને સાચી રીતે ન સમજનારા લોકો ધર્મને નામે લડવા લાગ્યા. બહાર નીકળવાનું મુશ્કેલ થઇ ગયું.

આજે હિંદુનું બજાર સળગ્યું, તો કાલે એનું વેર લેવા મુસલમાનોનું બજાર સળગાવ્યું. આ બાજુ મસ્જિદ તોડવામાં આવી તો તે બાજુ મંદિર તોડાયું. મુસલમાનોએ સ્ત્રીઓની કતલ ચલાવી તો તેનું વેર લેવા હિંદુઓએ મુસલમાન સ્ત્રી-બાળકોને કાપવા માંડયાં. આ વેરની આગ કયાં જઈ અટકશે તે કોઈ કહી ન શકતું.

સમજુ ને ડાહ્યા માણસોથી આ ન જોવાયું. આવા બે સમજુ નવજવાન બહાર પડયા. એકનું નામ વસંતરાવ હેગિષ્ટે, બીજાનું નામ રજબઅલી. બંને કોંગ્રેસના સાચા સેવકો. બંનેના દિલમાં દેશપ્રેમ ઊભરાતો. બંનેએ સ્વરાજની લડતમાં દુઃખો વેઠેલાં અને જેલ ભોગવેલી.

ભારત માતાના પુત્રો દુશ્મન બનીને એકબીજાની સામે લડી મરે તે વસંતરાવ અને રજબઅલીથી જોવાયું નહિ. અમદાવાદની કોમી આગ ઠારવા આ બન્ને જવાનો બહાર પડયા. જીવનું જોખમ વહોરી તેઓ હિન્દુ લત્તામાં જતા, મુસલમાનોના લત્તામાં જતા, લોકોને સમજાવતા અને શાંતિ ફેલાવતા.

એક લત્તામાં કેટલાક મુસલમાનો ઘણા ઝનૂની બનેલા હતા. જે હિન્દુને દેખે તેને કતલ કરી નાખે. કોઈનું સાંભળે નહિ. વસંતરાવ ને રજબઅલીને આ વાતની ખબર થઈ. બન્નેની જોડી તે ધર્મ-ઝનૂની લોકોને સમજાવવા નીકળી. લોકોએ તેમને ત્યાં જતાં અટકાવ્યા, પણ બંને એમ ડરે એવા ન હતા. જાનનો ભોગ આપીને પણ શાંતિ કાયમ કરવાનો તેમણે સંકલ્પ કરી લીધો.

વસંતરાવ ને રજબઅલી બંને સાથે તે લત્તામાં પહોંચ્યા, પેલા ઝનૂની લોકોને સમજાવવા લાગ્યા. પણ એમની વાત તે લોકોને ગળે ઊતરી નહિ–તેમને તો સાંભળવી જ ન હતી. એક મુસલમાને વસંતરાવ પર હુમલો કર્યો. રજબઅલી સાથે જ હતા. તે વસંતરાવને બચાવવા ગયા. પણ એટલે તો એમના પર પણ એમના જ ધર્મભાઈએ ઘા કર્યો. પેલા ગાંડા ખૂની લોકો આ બંને વીરો પર તૂટી પડયા, બંનેને ઘણા ઘા વાગ્યા. બંને વીર મૃત્યુ પામ્યા. 'ભાઈ ભાઈ લડે નહિ, વેરનો બદલો વેર નથી પણ પ્રેમ છે' એ શીખવવા ખાતર આ બે વીરોએ પોતાનાં જીવન આપી દીધાં ને અમદાવાદની વેરની આગ ટાઢી પડી.

બાળકો, આ પાઠની બીના કરુણ છે. એકનું વેર લેવા બીજો તૈયાર થાય તો કેવો સત્યાનાશ થાય તે આપણે આ પાઠમાં જોયું. આપણે એક જણને થપ્પડ મારીએ તો તે સામો મારે. એટલે આપણે ફરી તેને મારવા જઇએ. આમ બંને જણ બરબાદ થાય. શાંતિ અને સંપથી રહેવાનો આ માર્ગ નથી. ગાળ દેનારને આપણે ગાળ દેવા જઇશું તો આપણને વધારે મોટી ગાળ ખાવી પડશે, એટલુંજ નહિ, ગાળ બોલીને આપણું મોઢું પણ ગંધાશે. એમાં કોઇનું ભલું નથી. આપણે સંપીને રહેવું જોઇએ. કજિયો કે ટંટો થાય તો જે ખોટો હોય તેણે નમી જવું જોઇએ. સમજુ માણસ તેને વધવા દેશે નહિ, એક જણ શાંતિ રાખશે તો બીજો જાતે જ શાંત થશે. વેરનો બદલો લેવાની કોશિશ ન કરો, એ માટે કંઇ ખમવું પડે તો ખમી લો, નાનો ભૂલ કરે તો તેને પ્રેમથી સમજાવો ને માફ કરો. તો બધો કજિયો અટકશે. વેરનું ઓસડ પ્રેમ છે.

અભ્યાસ-પ્રશ્નો

૧. વસંતરાવ ને રજબઅલીના પ્રાણ કેમ લેવાયા ?

૨. વેરનો બદલો લેવા જતાં કેવું નુકસાન થાય છે ?

૩ તમને કોઇ ગાળ દેશે તો શું કરશો ?

૪. કોઈનો ધક્કો વાગતા તમે પડી ગયા હો તો પછી શું કરશો ?

(બીજી વાર્તા-૧. દ્રુપદ, દ્રોણ, ધૃષ્ટદ્યુમ્ન, અશ્વત્થામા વગેરેની વેરની પરંપરા. ૨. ગાંધીજી તથા મીરઅલી. ૩. વસિષ્ટ અને વિશ્વામિત્ર)

પાઠ ૧૪

મહેનત

કુર્વન્નેવેહ કર્માણિ જિજિવિષેચ્છતં સમા (વેદ)

આ જગતમાં કામ કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇચ્છા રાખો.

આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ. (૧)
ઊપજે સુખ ઉદ્યોગથી, સુધરે વળી સ્વદેશ,
એ માટે ઉદ્યોગની, હિમ્મત ધરો હમેશ. (૨)
વણમહેનતનો ટુકડો જમતાં,
અતિલાજ દિલે મન તું ધરજે. (૩)

ડોસો અને ફળ

એક રાજા હતા. તેમની પ્રજા ઘણી સુખી હતી. રાજા લોકોનું રક્ષણ કરતા. પ્રજાની ભલાઈનાં કામો કરતા. રાજા પ્રજાને પોતાના પુત્ર તરીકે માનતા. પ્રજા પણ રાજા પર સારો ભાવ રાખતી ને તેમને પિતા તરીકે માનતી.

એક દિવસ રાજા પોતાના રાજમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં ગામડામાં ગયા. ગામના ખેડૂતો ખેતરમાં કામ કરતા હતા. રાજા તેમની મહેનત જોઈ ઘણા રાજી થયા.

એક ખેતરમાં એંસી વરસનો એક ડોસો કામ કરતો હતો. ડોસાની આંબાની વાડી હતી. તે વાડીમાં આંબાના નવા છોડ લગાવતો હતો. આવા ડોસાને કામે લાગેલો જોઈ રાજા ઘણી નવાઈ પામ્યા. રાજા તેની પાસે ગયા.

રાજા બોલ્યા: 'ભાઈ, તમે આટલા ઘડપણમાં પણ મહેનત કરો છો ?'

'હું ઘરડો છું, એ વાત ખરી,' ડોસાએ જવાબ આપ્યો. 'પણ મારું શરીર સારું છે. મારાં બધાં અંગો ચાલે છે. મારે ખાવાનું જોઈએ છે, માટે મારે મહેનત કરવી જ જોઈએ.'

રાજા બોલ્યા: 'તમારી વાત ભલે સાચી હોય, પણ તમે આ આંબાનાં ઝાડ રોપો છો તેને મોટાં થતાં ઘણો વખત લાગશે. એને કેરી લાગશે ત્યાંસુધી તો કદાચ તમારું જીવન પણ નહિ ટકે.

એના ફળ તમે ખાઈ શકવાના નથી તો પછી આવી મહેનત કરેલી શું કામની?'

વૃદ્ધ ખેડૂત છોડને પાણી પાતો હતો. તે ડોલ મૂકી ઊભો થયો ને બોલ્યોઃ 'ભાઈ, તમે કોણ છો? આ દુનિયા કેમ ચાલે છે તેની તમને ખબર નથી. જુઓ, આ વાડીનાં મોટાં ઝાડો. એ બધાં મેં રોપ્યાં નથી. છતાં હું એનાં ફળ ખાઉં છું. મારા બાપદાદાએ આ ઝાડો રોપ્યાં ન હોત તો હું એનાં ફળ ખાઈ ન શકત. આજે હું આ ઝાડ રોપું છું. ભલે મને એનાં ફળ ખાવાને નહિ મળે પણ મારા પછી આવનાર પ્રજાને તેનાં ફળ ખાવાને મળશે. દુનિયા એમ જ ચાલે છે. ફળ આપનાર તો પ્રભુ છે. આપણે તો શરીર સાજું હોય ત્યાં સુધી હાથ–પગ હલાવીને જ રોટલો ખાવો જોઈએ.

રાજા તો ખેડૂતનું આવું બોલવું સાંભળી ઘણા ખુશ થયા. તેમણે ખેડૂતને પાંચ સો રૂપિયા ઇનામમાં આપ્યા. એટલે તે વૃદ્ધ બોલ્યો: 'જુઓ, આ છોડનાં ફળ મને મળે કે ન મળે પણ, ભગવાને તો મને મારી મહેનતનું આ ફળ આપ્યું છે.'

વિદ્યાર્થીઓ, આ પાઠના ખેડૂતની વાત કેટલી સાચી છે ! આપણને ખાવાનું જોઈએ છે. કપડાં ને ઘર જોઇએ છે. બીજું પણ ઘણું જોઈએ. તેને માટે આપણે મહેનત કરવી જોઈએ. પ્રભુએ આપણને હાથ–પગ ને બુદ્ધિ આપેલાં છે. તેનાથી આપણે પૂરું કામ કરવું જોઇએ. વગર મહેનતનું અનાજ ખાવામાં પાપ છે. કામ કરવામાં આળસ ન રાખીએ. બીજાનું આપેલું લેવું એ શરમભરેલું છે.

કામ કરવામાં આપણે સફળ ન થઇએ તો હિમ્મત ન હારીએ. ફરી ફરીને તે કામ કરવાથી તે પાર પડે છે. વળી આપણે જે મહેનત કરીએ તે આપણા માટે જ ન હોવી જોઇએ. પારકાનું ભલું થાય તેમ પણ કરવું જોઇએ. બીજાની મહેનતનો ફાયદો આપણે ઉઠાવીએ છીએ, તેમ આપણે પણ બીજા માટે કામ કરવું જોઇએ.

અભ્યાસ-પ્રશ્નો

(૧) ઘરડો ખેડૂત શા માટે કામ કરતો હતો ?

(૨) તેણે આંબાના છોડ કોને માટે રોપ્યા ?

(૩) રાજાએ તેને પાંચસો રૂપિયા કેમ આપ્યા ?

(૪) પરીક્ષામાં તમે નાપાસ થાઓ તો શું કરશો ?

(બીજી વાર્તા–લાવરી ને તેનાં બચ્ચાં. રાજા ને કરોળિયાનું જાળું. ભગીરથનો પ્રયત્ન.)

પાઠ ૧૫

કરે તેવું પામે

શુભેન પુરુષાર્થેન શુભમાસાદ્યતે ફલમ્. (યોગવાસિષ્ઠ)
સારાં કામ કરવાથી સારાં ફળ મળે છે.

જેવી કરે છે કરણી, તેવી તરત ફળે છે.
બદલો–ભલા બૂરાનો, અહીં ને અહીં મળે છે.

કરે તેવું પામે

નિશાળમાં પરીક્ષા થઇ ગઇ હતી. એક દિવસ ગુરુજી વિદ્યાર્થીઓ સાથે નદી–કિનારે ફરવા નીકળ્યા. સવારનો વખત હતો, ઠંડો પવન વાતો હતો. પંખીઓ કલ્લોલ કરતાં હતાં, જાણે ભગવાનની સ્તુતિ કરતાં ન હોય!

બધા વિદ્યાર્થીઓ પર નજર રાખી ગુરુજી બોલ્યા: 'આજે બળદેવ ને શાંતિલાલ કેમ આવ્યા નથી ?'

અરવિંદ—'ગુરુજી, બળદેવ આજે માંદો છે. તે આવવાનો નથી.'

'એને થયું શું છે? કાલે તો ઘણો ખુશ હતો.'

'જી, કાલે તેનો જન્મ-દિવસ હતો.'

'ખરું' ગુરુજી બોલ્યા, 'ત્યારે તો કાલે બળદેવે ખાવાપીવામાં ધ્યાન રાખ્યું નહિ હોય ને તેથી જ માંદો પડયો હશે. વારુ, શાંતિલાલ કેમ આવ્યો નથી?'

રવીન્દ્ર–'ગુરુજી, શાંતિલાલ નાપાસ થયો તેનું તેને લાગી આવ્યું છે. તેથી તે આજે આવ્યો નથી.'

ગુરુજી બોલ્યા: 'શાંતિલાલ પોતાના જ વાંકે નાપાસ થયો છે. તે ભણવામાં કાળજી રાખતો નહિ. તેનું ચિત્ત રમવામાં રહેતું.'

આમ વાત કરતાં કરતાં ગુરુજીએ નવી વાત ચાલુ કરી. તેઓ બોલ્યા: 'જુઓ વિદ્યાર્થીઓ, બળદેવ માંદો પડયો, કારણકે તેણે ખાવામાં બેદરકારી રાખી. અને શાંતિલાલ નાપાસ થયો કારણકે તે ભણવામાં ધ્યાન રાખતો નહિ. આ પરથી આપણે શું સમજી શકીએ?'

આનંદ બોલ્યો: 'ગુરુજી. એમણે કાળજી રાખી નહિ, તેથી એ લોકોને તેનું ફળ ભોગવવું પડ્યું.'

ગુરુજીએ કહ્યું: 'બરાબર છે આનંદ, ચાલો કહો મનોહર પોતાના વર્ગમાં કેમ પહેલો આવે છે?'

આનંદ–'મનોહર ભણવામાં ખૂબ ધ્યાન આપે છે. વળી જે વખતે જે કામ કરવાનું હોય તે વખતે તેમાં જ ચિત્ત રાખે છે.

ગુરુજી બોલ્યા: 'ખરું છે. જે લોકો સારાં કામ કરે છે તેમને સારાં ફળ મળે છે, જે નઠારાં કામ કરે છે તેમને માઠાં ફળ ચાખવાં પડે છે.'

આમ વાતમાં ને વાતમાં બધા આગળ વધતા ગયા. આગળ જતાં તેમણે જોયું કે એક માછીમારે નદીમાં જાળ પાથરી હતી. ને નાની–મોટી ઘણી માછલીઓ પકડી હતી. ઘણાને તે જોઈ ચીતરી ચડી. કેટલાક વિદ્યાર્થીઓ તો નાક બંધ કરવા લાગ્યા.

આ માછીમારને જોઈને મનોહરને ગુરુજીની વાત યાદ આવી. એટલે તે બોલ્યો: 'ગુરુજી, આપ કહેતા હતા કે જે જેવું કરે છે તેને તેવું ફળ મળે છે. આ માછીમારે કેટલી બધી માછલી મારી છે, તેને કેવું ફળ ભોગવવું પડશે?'

ગુરુજીને મનોહરના સવાલનો જવાબ આપવા દૂર ન જવું ન પડયું. વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતા તેઓ આગળ જતા હતા કે ત્યાં જ તેમણે રસ્તાની બાજુમાં એક સાપ તરફડતો જોયો. સાપને હજારો કીડીઓ વળગેલી હતી. ગુરુજી તે સાપને બતાવીને બોલ્યા: 'જુઓ, આ એક સાપને કેટલી બધી કીડીઓ વળગેલી છે? તે બધી એને પૂરો કરી નાખશે.'

આ જોઇ રવીન્દ્ર બોલી ઊઠયો: 'મને સમજાયું. આપણે હમણાં જોયું કે એક માછીમારે કેટલી બધી માછલીઓ મારી હતી. હવે તેથી ઊલટું અહીં હજારો કીડીઓ એક સાપને મારવા લાગી છે.'

ગુરુજી બોલ્યા: 'રવીન્દ્ર સાચું કહે છે. એક જણ હજારો જીવોને મારે છે. તો બીજા હજારો મળી એક જણને મારે છે, જે જેવું કરે છે તેને તેવું ફળ મળે છે. પણ આ કીડીઓ સમજુ નથી. માણસ સમજુ છે. માણસે સમજવું જોઇએ કે જેમ આપણને આપણો જીવ વહાલો છે, તેમ દરેકને પોતાને જીવ વહાલો હોય. તેથી માણસે

કોઇને મારવું એ પાપ છે. તેણે તો દરેક પર દયા જ રાખવી જોઇએ. તેણે ભલાઇનાં જ કામ કરવાં જોઇએ. માણસ સારા કામ કરશે તો સારાં ફળ પામશે. ને ખોટા કામ કરશે તો ખરાબ ફળ મળશે.

અભ્યાસ-પ્રશ્નો

૧. શાંતિલાલ બધા સાથે ફરવા કેમ ન આવ્યો ?

૨. બળદેવ શાથી માંદો પડયો હતો ?

૩. માછીમાર અને સાપના દૃષ્ટાન્તથી આપણે શું સમજી શકીએ છીએ ?

૪. તમને કોઇવાર ઠપકો મળ્યો છે ? શા કારણથી ?

(બીજી વાર્તા–દુર્યોધનનો વિનાશ, કૌરવ–પાંડવના બીજા ઝઘડાઓ)

પાઠ ૧૬

એક પરમેશ્વર

એકં સદ્‌વિપ્રા બહુધા વદન્તિ,
અગ્નિં યમં માતરિશ્વાનમાહુઃ । (વેદ)

પરમેશ્વર એકજ છે. પણ લોકો તેને અગ્નિ, રુદ્ર, વાયુ, યમ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે અનેક નામોથી ઓળખે છે. જુદાં જુદાં નામ હોવા છતાં પ્રભુ એક જ છે.

હાથી અને છ આંધળા

એક ગામમાં એક હાથી આવ્યો. આ ગામમાં પહેલાં કદી હાથી આવેલો નહિ. લોકો હાથી જોવા ભેગાં થયાં. આવડું મોટું જનાવર જોઈ નવાઈ પામ્યાં.

આ ગામમાં છ આંધળા રહેતા હતા. તેમણે પણ હાથીની વાત સાંભળી. હાથી કેવો છે તે જાણવાનું તેમને મન થયું. બધા હાથી પાસે પહોંચ્યા. તેઓ હાથીની ચારે તરફ ઊભા રહ્યા. દરેક જણ હાથીને હાથથી તપાસવા લાગ્યો.

એક આંધળાએ હાથાની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું: 'હાથી તો ભીંત જેવો લાગે છે.' બીજો આંધળો હાથીના પગ પાસે ઊભો હતો. તે પગ તપાસતાં બોલ્યો: 'ના, ના, હાથી તો થાંભલા જેવો છે.'

આ સાંભળી ત્રીજો આંધળો બોલી ઊઠયો: 'જારે મૂરખ, હાથી તો દોરડા જેવો છે.' એણે હાથીનું પૂંછડું પકડયું હતું.

'તદ્દન જૂઠું.' ચોથો આંધળો બોલ્યો. 'હાથી તો સૂપડા જેવો છે.' આ આંધળો હાથીના કાનને તપાસતો હતો.

પાંચમો આંધળો બોલ્યો: 'તમે બધા જૂઠા છો. હાથી તો કોસ જેવો છે.' એણે હાથીની સૂંઢ પકડી હતી.

આ સાંભળી છઠ્ઠાથી ચૂપ રહેવાયું નહિ. તે બોલ્યો: 'હાથી તો મૂશળ જેવો છે. તમે બધા ખોટા છો.' આ આંધળાના હાથમાં હાથાના દાંત આવ્યા હતા.

આમ બધા આંધળા એકબીજાને જૂઠા કહેવા લાગ્યા. અને પોતે જ સાચો છે એમ માનવા

લાગ્યા. તેમની આ તકરાર સાંભળી એક દેખતો ઘરડો, ત્યાં ઊભો હતો તે બોલ્યો: 'ભાઈઓ, તમે નકામા તકરાર કરો છો. તમે બધા સાચા છો, પણ તમારામાંથી કોઇની વાત પૂરી સાચી નથી. તમારું જ્ઞાન અધૂરું છે.'

આમ કહી તે ઘરડા માણસે બધા આંધળાઓને હાથીના બધા અવયવો બતાવ્યા. હવે તેમને હાથીનું સાચું જ્ઞાન થયું.

બાળકો, આ વાત કેટલી સહેલી છે? પણ તે તેટલી જ ખરી પણ છે. કોઈ પણ ચીજને એક બાજુથી તપાસતાં ખરું શું છે તે જાણી શકાતું નથી. દરેક ચીજને હાથીની જેમ જુદી જુદી રીતે જોઈ શકાય છે.

આ દુનિયાનો બનાવનાર પ્રભુ પણ એક જ છે. એ પ્રભુનાં ઘણાં નામો આપણે સાંભળેલાં છે. તેની ઘણી મૂર્તિઓ આપણે જોઇએ છીએ. પણ તે બધી જુદી હોવા છતાં પ્રભુ તો એક જ છે. એક જ પ્રભુનાં જુદાં જુદાં નામો છે. તે જગતને બનાવે છે તેથી તેને આપણે બ્રહ્મા કહીએ, તે જગતનું પાલન કરે છે તેથી તેને વિષ્ણુ કહીએ છીએ. જગતનો નાશ કરે છે તેથી તે રુદ્ર કહેવાય છે. તેનું મુખ્ય નામ 'ૐ' પણ છે. માણસ ગમે તે દેવ કે દેવીની ભક્તિ કરે છે, પણ તે આખરે તો એક જ પ્રભુને ઓળખે છે.

અભ્યાસ-પ્રશ્નો

૧. આંધળાઓ શા માટે લડતા હતા ?

૨. તેઓની શી ભૂલ હતી ?

૩. દુનિયાનો બનાવનાર કોણ છે ?

૪. તમે ભગવાનને કેવી રીતે યાદ કરો છો ?

(બીજાં દૃષ્ટાંત—વૃક્ષ ને શાખાઓ, શરીર અને ઇન્દ્રિયોનો કજિયો)

પાઠ ૧૭

પ્રાર્થના

ॐ વિશ્વાનિ દેવ સવિતર્દુરિતાનિ પરાસુવ.
યદ્ ભદ્રં તન્ન આસુવ ।। ૧ ।।

(સવિતઃ) હે સંસારને પેદા કરનાર (દેવ) પ્રભુ ! (વઃ) અમારા (વિશ્વાનિ) સઘળા (દુરિતાનિ) દુર્ગુણો અને દુઃખોને (પરાસુવ.) દૂર કરો. (નઃ) અમને (યત્) જે (ભદ્રં) કલ્યાણકારી ગુણો છે. (તત્) તે (આસુવ) આપો.

ॐ અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્ । યુયોધ્યસ્મજ્જુહુરાણમેનોભૂયિષ્ઠાં તે નમ ઉક્તિં વિધેમ ।। ૨ ।।

(અગ્ને) હે પ્રકાશ સ્વરૂપ (વિદ્વાન્) જ્ઞાનવાન્ (દેવ) પ્રભુ (અસ્માન્) અમને (રાયે) સુખ માટે (વિશ્વાનિ) સઘળાં (વયુનાનિ) જ્ઞાન અને કર્મો તરફ (સુપથા) સારા રસ્તે (નય) લઈ જાઓ. (અસ્મત્) અમારામાંનાં (જુહુરાણમ્) ખરાબ (એનઃ) પાપોનો (યુયોધિ) નાશ કરો. અમે (તે) તમારી (ભૂયિષ્ઠાં) ઘણી (નમ ઉક્તિં) સ્તુતિઓ (વિધેમ) કરીએ છીએ.

નમસ્તે સતે તે જગત્કારણાય,
નમસ્તે ચિતે સર્વ લોકાશ્રયાય
નમોઽદ્વૈતતત્ત્વાય મુક્તિપ્રદાય
નમો બ્રહ્મણે વ્યાપિને શાશ્વતાય ॥ ૩ ॥

(જગત્કારણાય) હે જગતને બનાવનાર (સતે) બધે રહેલા પ્રભુ ! (તે) તમને (નમસ્તે) અમારા નમસ્કાર હો (સર્વલોકાશ્રયાય) બધા લોકોને આશરો આપનાર (ચિતે) જ્ઞાનવાન્ પ્રભુ (નમસ્તે) તમને નમસ્કાર હો (મુક્તિપ્રદાય) દુઃખોમાંથી છોડવનાર (અદ્વૈતતત્ત્વાય) બધામાં અજોડ એવા પ્રભુ (નમસ્તે) તમને નમસ્કાર હો. (શાશ્વતાય) હંમેશ કાયમ રહેનાર (વ્યાપિને) બધે વસેલા (બ્રહ્મણે) પ્રભુને (નમઃ) નમસ્કાર હો.

પાઠ ૧૮

શિષ્ટાચાર

બાળકો, આપણે ઘરમાં વડીલો ને મુરબ્બીઓ સાથે કેમ વર્તવું તે પહેલા ભાગમાં શીખી ગયા. તેજ પ્રમાણે સદાચારના બીજા સામાન્ય નિયમો પણ શીખી ગયા. હવે નિશાળ, સભા કે મેળાવડામાં આપણે કેવી રીતે વર્તવું જોઇએ તેના નયમો શીખીશું. ઘરની બહાર આપણે નીકળીએ એટલે આપણે કેવા છીએ તે બધા જુએ છે. તેથી આપણે આપણા વર્તન પર, બોલવા–ચાલવા પર, ખૂબ કાળજી રાખવી જોઇએ. અને તે માટે નીચેના નિયમો પર ખાસ ધ્યાન આપવું જોઇએ.

(૧) નિશાળ કે સભામાં એકબીજા સાથે વાતો ન કરો. ઘોંઘાટ કરો નહિ.

(૨) ચાલુ નિશાળે આવતાં કે જતાં શિક્ષકની રજા લો.

(૩) શિક્ષક કે કોઇ મુરબ્બી આવે તો ઊભા થઇ નમસ્કાર કરો.

(૪) શિક્ષક વગેરેને ઊભા થઈ જવાબ આપો. જવાબમાં વિનય રાખો.

(૫) નિશાળ કે સભામાં આવતાં-જતાં શાંતિ જાળવો. દોડવું કે ધમધમ ચાલવું નહિ.

(૬) સભા કે મેળાવડામાં વખતસર હાજર થાઓ. જો મોડા આવ્યા હો તો પાછળ બેસો.

(૭) કોઈ સભામાં અધવચ્ચેથી ઊઠી જવું નહિ. જરૂરી કામ માટે જવું પડે તો ચુપચાપ ચાલ્યા જવું.

(૮) સભાની વચ્ચે થઈ ન જવું. બાજુમાંથી કે પાછળથી જવું.

(૯) કોઈની સાથે ખાસ વાત કરવાની હોય તો બહાર જઈ કરો.

(૧૦) તમારો નાનો ભાઈ કે કોઇ રડે તો તેને લઈને ચુપચાપ બહાર ચાલ્યા જાઓ.

(૧૧) પ્રાર્થના વખતે હાથ જોડીને ઊભા રહેવું. વાત કરવી નહિ.

(૧૨) તમારી સાથે ભોજનમાં કે પાર્ટીમાં બેઠેલાં બધાંને પીરસાઇ જાય પછી જ જમવાનું ચાલુ કરો.

(૧૩) તમે જમી રહો એટલે ઊઠી ન જાઓ. બધાં સાથે ઊઠો. ખાસ કારણથી વહેલા ઊઠવું પડે તો તમારું એઠું વાસણ લઇને ઊઠો.

(૧૪) જમતાં જમતાં બચકારા ન બોલાવો. સડાકાનો અવાજ ન થવા દો.

(૧૫) જમતી વખતે આખાં આંગળાં કે હાથ ખરડી ન નાખો.

(૧૬) એઠું થાળીથી બહાર ન પડવા દો. કોઇને દાળ વગેરેના છાંટા ન ઊડે તેની કાળજી રાખો.

(૧૭) જેટલી ભૂખ હોય તેટલું ખાવાનું લો. વધારે લઇ ખોરાક બગાડો નહિ.

(૧૮) થાળી કે આંગળાં ન ચાટો.

(૧૯) મોંમાં ડૂચો ભરી ન જમો.

(૨૦) બીજા સાથે બેસીને જમતા હો તો તમારે માટે ખાસ ખાવાનું ન લો, બધા જેવું જ લઇ જમો.

અભ્યાસ પ્રશ્નો

(૧) બળવંતે નીચે પ્રમાણે કર્યું. તમે હોત તો શું કરત?

નિશાળમાં ગુરુજી આવ્યા ત્યારે બધા ઊભા થયા, બળવંત બેસી રહ્યો. પાણી પીવાનો થયો તો ઊઠીને ધબધબ કરતો ચાલ્યો ગયો. ગુરુજી બહાર ગયા તો તે મોટેથી વાતો કરવા લાગ્યો. સાંજે એક સભામાં મોડો પહોંચ્યો ને સભા વચ્ચેથી આગળ જઈ બેસી ગયો. થોડીવારમાં તો ઊઠીને ચાલતો થયો.

(૨) વિનોદે નીચે પ્રમાણે કર્યું. તમે હોત તો શું કરત?

વિનોદ નાતમાં જમવા ગયો. ભોજન પીરસાતું હતું. તે ખાવા લાગ્યો. શિખંડ ખાતાં આંગળાં અને હાથ ખરડી મૂકયાં. ખમીસ પર પણ ટીપાં પાડયાં. પોતાને માટે ઘેરથી ખાસ અથાણું ને પાપડ લઈ આવેલો. ભાત જમતાં નીચે વેર્યાં. ભાણામાં દરેક ચીજ છાંડી, બધાં કરતાં વહેલો ઊઠીને ચાલતો થયો.

પાઠ ૧૯

નાગરિક ધર્મ (પાડોશ ધર્મ)

આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ (મહાભારત)

તમને તમારે પોતાને માટે જે ન ગમતું હોય તે તમે બીજાને માટે પણ ન કરો.

નાગરિક એટલે નગરનો રહેવાસી. માણસ ગામમાં રહે કે શહેરમાં. તે એકબીજા સાથે

હળીમળીને રહેનારો છે. એકબીજા સાથે રહેતાં અરસપરસ મદદ કરવી જોઈએ. અને એક માણસે બીજાની સગવડ સાચવવી જોઈએ. આપણા કામથી બીજાને ખલેલ ન થાય, બીજાને નુકસાન ન પહોંચે તે આપણે હમેશાં વિચારવું જોઈએ. એટલું જ નહિ પણ બીજાનું ભલું થતું હોય ને તે માટે આપણે પોતાનું સુખ જતું કરવું પડે અગર દુઃખ પણ વેઠવું પડે તો તેમ કરવું જોઈએ. જેમ બને તેમ આપણે આપણા પાડો-શીનું–સમાજનું–ભલું કરવું જોઈએ. આને માટે કેટલાક નિયમો હમેશાં ધ્યાનમાં રાખવા જોઈએ. તે પર આપણે ધ્યાન ન આપીએ તોપણ અજાણતાં આપણે લોકોનું ઘણું નુકસાન કરીએ છીએ. તે નિયમો નીચે પ્રમાણે છેઃ–

(૧) તમારા ઘરનો કચરો પારકાના ઘર સામે શેરીમાં કે ગમે ત્યાં ન ફેંકો. કચરાપેટી કે ઉકરડામાં નાખો.

(૨) રસ્તામાં કે ગમે ત્યાં એઠું ન નાખો. કેળાં, સંતરાં, કેરી વગેરેનાં છોતરાં પણ ગમે તેમ ન ફેંકો. જમણવાર કે પાર્ટી પછી પતરાળી કે કાગળો રખડાવો નહિ.

(૩) ગમે ત્યાં થૂકવું નહિ. નિશાળ, રેલગાડી, મોટર, સિનેમા-ઘર વગેરેમાં થૂકવું નહિ. આવી જગ્યાઓએ કચરો પાડવો કે ગંદકી કરવી નહિ.

(૪) બીડીનાં ઠૂંઠાં ગમે ત્યાં ન ફેંકો. સળગતી બીડી ન ફેંકો. બીડી ગમે ત્યાં ઘસી જગા કાળી ન કરો.

(૫) નળ કે કૂવા પર નકામું પાણી ઢોળી ગંદકી ન કરો. વપરાશથી વધુ પાણી ન બગાડો.

(૬) છોકરાંઓને રસ્તામાં બીજાની ભીંત પાસે કે ગમે ત્યાં ઝાડો-પેશાબ ન કરાવો. જાહેર મૂતરડા કે જાજરૂ પણ બગાડો નહિ.

(૭) આપણા પાડોશમાં કોઇ માંદું હોય કે કંઈ દિલગીરીનો બનાવ હોય તો ઘોંઘાટ ન કરો. ગ્રામોફોન કે વાજું ન વગાડો.

(૮) રાત્રે આજુબાજુનાં લોકો સૂઇ ગયાં હોય ત્યારે ઘોંઘાટ કરી તેમની ઊંઘમાં ખલેલ ન પાડો.

(૯) કોઈ સભામાં બેઠા હો, કોઈ પુસ્તકાલય કે વાચનાલયમાં વાંચતા હો અગર સિનેમા કે નાટક જોતા હો ત્યારે વાતો ન કરો, મોટેથી વાંચો નહિ કે પગ ઠોકો નહિ.

(૧૦) કોઈની ચીજ વગર પૂછયે લો નહિ. પૂછીને લઈ પાછી તેને જ સોંપો. જે ચીજ જ્યાંથી લીધી હોય ત્યાં જ મૂકવાની કાળજી રાખો.

(૧૧) સ્ટેશન પર, પોસ્ટ ઑફિસમાં કે સિનેમા-ઘર આગળ ટિકિટો લેવા માટે ટોળું ન કરો. એક એક પછી એક લાઇનમાં ઊભા રહી લો.

(૧૨) રેલગાડીમાં, મોટરમાં કે બીજી જગ્યાએ સ્ત્રીઓ, બાળકો ને વૃદ્ધોને પહેલી જગા કરી આપો.

(૧૩) અપંગ, આંધળા કે વૃદ્ધોને જરૂર પડયે મદદ કરો. તેમની મશ્કરી કરો નહિ.

(૧૪) અજાણ્યો જે કંઈ પૂછે તેની સાચી માહિતી આપો.

(૧૫) કોઈનું કામ બીજાની મદદ વગર અટકેલું હોય તો તેને તેમાં મદદ કરો. જેમકે પોટલું, ટોપલો ચડાવવાં વગેરે.

અભ્યાસ-પ્રશ્નો

(૧) હિંમત મુસાફરીએ ઊપડયો. સ્ટેશન પર પહોંચી ટિકિટ લેવા ધક્કામુક્કી કરવા લાગ્યો. એ કેળાં ખાધાં ને છાલ ત્યાં જ ફેંકી દીધી. નળે પાણી પીધું ને નળ ખુલ્લો મૂકી ચાલતો થયો. ગાડીમાં સેવ-મમરા ખાઈ કાગળ ડબ્બામાં જ ફેંકી દીધો ને ત્યાં જ થૂંકયો. ડબ્બામાં જગા ન હોવાથી એક ડોશીમા ખૂણામાં ઊભેલાં હતાં છતાં હિમત પગ પહોળા કરી બેસી રહ્યો.

(૨) હિંમત પુસ્તકાલયમાં વાંચવા ગયો ત્યાં મોટેથી વાંચવાં લાગ્યો. કબાટમાંથી પૂછયા વગર ચોપડી કાઢી, ટેબલ પર મૂકી ચાલતો થયો. ઘેર આવતાં એક જણે રસ્તો પૂછયો તે ન બતાવતાં ચાળા પાડવા લાગ્યો. પાડોશમાં રામાકાકા માંદા હતા છતાં ગ્રામોફોન વગાડવા બેસી ગયો. નાની બચુને દિશા માટે સડકપર બેસાડી આવ્યો

પાઠ ૨૦

આપણા તહેવારો

તહેવારોનું મહત્ત્વ

દરેક જાતિને પોતાના તહેવારો હોય છે. આ તહેવારો મોટે ભાગે ત્રણ જાતના હોય છે (૧) કેટલાક તહેવારો ધાર્મિક વિશ્વાસને લીધે પળાય છે. જેમકે-શિવરાત્રિ, એકાદશી શ્રાવણી વગેરે (૨) કેટલાક તહેવારો જાતિના મહા પુરુષોની યાદગારમાં ઉજવાય છે. જેમકે-રામનવમી, જન્માષ્ટમી. ગાંધી-જયંતી વગેરે. (૩) કેટલાક તહેવારો ઋતુઓના ફેરફારને અંગે રાખવામાં આવ્યા હોય છે. જેમકે વસંત-પંચમી, મકરસંક્રાંતિ, શરદ પૂનમ વગેરે.

સમાજમાં આ તહેવારોનું ઘણું મહત્ત્વનું સ્થાન ગણાય. તહેવારો ઉજવવાથી જાતિમાં જીવન આવે છે. એનાથી આપણી સંસ્કૃતિ અને સભ્યતાને પોષણ મળે છે. લોકોમાં નવો ઉત્સાહ ફેલાય છે. આપણા દેશ, ધર્મ ને જાતિના જે મહાપુરુષો થયા હોય તેમના જીવન પરથી નવી પ્રજાને પ્રેરણા મળે છે.

હિન્દુ રીત-રિવાજો પ્રમાણે તહેવારો પણ ધર્મનું અંગ ગણાય છે. તે દિવસે કેટલીક ધાર્મિક વિધિઓ કરવાની હોય છે ને વ્રત કે

ટેક લેવામાં આવે છે. તહેવારો વડે પણ જીવનનું ઘડતર થાય છે. તહેવારો ઉજવવામાં આપણી ત્રણ જાતની દૃષ્ટિ હોય છે. (૧) નિશાળ ઑફિસ વગેરેમાં રજા પાડવામાં આવે છે. જેથી રોજિંદા કાર્યક્રમમાં ફેરફાર થાય છે. (૨) આ દિવસો આનંદના ગણાય છે તેથી સારું ખાવાનું કરવામાં આવે છે. સાથે રમતગમત રાખી મજા કરવામાં આવે છે. (૩) આ દિવસોમાં કોઈ ખાસ ધાર્મિક કીર્તન કે આખ્યાન રાખવામાં આવે છે અથવા સભા, ભાષણ વગેરે યોજવામાં આવે છે

તહેવારો અંગેના આ ત્રણે વિભાગો જરૂરી લાગે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ ઉપર એની ઊંડી છાપ પડે છે, ને તેમના જીવનનો વિકાસ થાય છે. નીચે હિંદુઓના મુખ્ય તહેવારો આપવામાં આવે છે.]

દિવાળી

દિવાળી હિન્દુઓનો સૌથી મોટો તહેવાર છે. દિવાળી આવે છે ને નાના–મોટા સહુ રાજી થાય છે. દિવાળી પર ઘેર ઘેર દીવા થાય છે. છોકરાઓ ફટાકડા ફોડે છે. દરેક ઘેર સારું સારું ખાવાનું કરવામાં આવે છે. બધાં નવાં કપડાં પહેરે છે. લોકો ઘર ને આંગણું સાફ કરે છે. છોકરીઓ બારણા આગળ રંગબેરંગી સાથિયા પૂરીને ઘરને દીપાવે છે.

દિવાળીને દિવસે વેપારીઓ લક્ષ્મીપૂજન કરે છે. તે વખતે આખા વરસનો પોતાનો હિસાબ મેળવે છે. હિસાબના ચોપડાનું પૂજન કરે છે ને નવા ચોપડા ચાલુ કરે છે. દિવાળીનો ખાસ દિવસ આસો વદ અમાસનો છે, પણ ચાર દિવસ પહેલેથી જ ચાલુ ગણાય છે. વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદસ ને અમાસ એ બધા દિવાળીના દિવસો ગણાય છે.

એમ કહેવાય છે કે રાજા રામચંદ્ર રાવણને મારીને દિવાળીને દિવસે અયોધ્યા પધાર્યા હતા. તેની ખુશાલીમાં દીવા સળગાવવામાં આવે છે. આ દિવસે કૃષ્ણ ભગવાને નરકાસુર નામના પાપી રાજાને મારીને સોળ હજાર સ્ત્રીઓને કેદમાંથી છોડાવી હતી.

આ દિવસોમાં રજાઓ હોવાથી જુદી જુદી શાળાઓમાં રમત-ગમતની હરીફાઈ ગોઠવી શકાય.

નૂતન વર્ષ

દિવાળીને આગલે દિવસે એટલે કે કાર્તિક સુદ પડવાને દિવસે હિન્દુઓનુ નવું વર્ષ શરૂ થાય છે. આ વરસની ગણતરી વિક્રમ સંવત નામે ઓળખાય છે. વિક્રમ ઘણા ન્યાયી અને પ્રજાનું ભલું કરનારા રાજા હતા. તેમણે હિન્દુસ્તાનમાંથી પરદેશીઓને હાંકી કાઢીને હિન્દુસ્તાનને સ્વતંત્ર બનાવેલું. ત્યારથી આ વિક્રમ સંવત્ શરૂ થયો એમ મનાય છે.

નવા વરસને દિવસે બધાં નવાં કપડાં પહેરી એકબીજાંને પ્રેમથી મળવા જાય છે ને બધાની શુભ કામના કરે છે. નવા વર્ષના સાલ-મુબારક કે નૂતનવર્ષાભિનંદનના કાગળો સગાં-સ્નેહીઓને મોકલે છે. નાનાં બાળકો સવારે નાહી-ધોઈને પોતાના વડીલો, ગુરુજનોને નમસ્કાર કરવા જાય છે ને તેમના આશીર્વાદ મેળવે છે.

નવા વર્ષે આપણે શું શું કરવાનું છે અને ગયે વર્ષે શું ખામી રહી તે આ દિવસે વિચારવું જોઈએ.

રામનવમી

ચૈત્ર સુદ નવમીને દિવસે દશરથ રાજાને ત્યાં રામનો જન્મ થયો હતો. હિન્દુઓના સૌથી મોટા પુરુષો બે. રામ અને કૃષ્ણ. માણસનું ઊંચામાં ઊંચું જીવન કઈ જાતનું હોવું જોઇએ તે રામના જીવન પરથી જાણવા મળે છે. રામે રાવણ જેવા પાપી રાજાને માર્યો. રાક્ષસોને મારી ઋષિ-મુનિઓનું રક્ષણ કર્યું. પિતાના વચન ખાતર રાજગાદી છોડીને જંગલમાં જઇને રહ્યા. રામના જીવનનાં દૃષ્ટાન્તો પરથી માતાપિતા સાથે, ભાઈ સાથે, પ્રજા સાથે, સેવકો સાથે, ગુરુજનો સાથે, ને પાપીઓ સાથે કેમ વર્તવું તે જાણવા મળે છે. સીતા માતાનું નામ પણ રામ સાથે જ યાદ આવે છે.

આ દિવસ ભક્તિનો છે. તુલસી રામાયણનું વાંચન કરવું. રામના જીવન વિષે કીર્તનો પણ થઈ શકે.

જન્માષ્ટમી

શ્રાવણ વદ આઠમને દિવસે જેલમાં શ્રીકૃષ્ણનો જન્મ થયો. શ્રીકૃષ્ણનું જીવન લોકોના ભલા માટે હતું. તેમણે કંસ, જરાસંધ, શિશુપાલ ને દુર્યોધન જેવા જુલ્મી રાજાનો નાશ કરાવ્યો. શ્રીકૃષ્ણે અર્જુનને ભગવદ્‌ગીતાનો ઉપદેશ આપ્યો. ભગવદ્‌ગીતા હિન્દુઓનું ધર્મ-પુસ્તક છે. સાચો ધર્મ કયો તે શ્રીકૃષ્ણે બતાવ્યું. પ્રેમનો સંદેશો સંભળાવ્યો ને પોતાના હક માટે લડતાં શીખવ્યું. કૃષ્ણના જન્મ-દિવસને જ જન્માષ્ટમી કહે છે.

આ દિવસે ગીતાજીનો પાઠ કરવો જોઈએ. શ્રીકૃષ્ણની ગુરુભક્તિ, સુદામા તરફનો પ્રેમ વગેરે કહી શકાય. મહાભારતની વાર્તા કહેવી, ગૌપૂજાનું મહત્ત્વ સમજાવી શકાય.

ગાંધીજયંતિ (રેંટિયા બારસ)

ભાદરવા વદ ૧૨ ને દિવસે મહાત્મા ગાંધીજીનો જન્મ થયો હતો. ગાંધીજી હાલના જમાનાના સૌથી મોટા પુરુષ થયા. તેમણે હિન્દુસ્તાનને સ્વરાજ અપાવ્યું. દરેકે સાચી રીતે વર્તવું જોઈએ અને દરેક પર પ્રેમ રાખવો જોઈએ અને કોઈને પણ મારવું જોઈએ નહિ તે શીખવ્યું. સત્યાગ્રહ સામે હથિયારોનું જોર ચાલતું નથી તે બતાવ્યું.

ગાંધીજીના મુખ્ય સિદ્ધાન્તો છે—સત્ય, અહિંસા, હિન્દુ—મુસ્લિમ એકતા, હરિજન–પ્રેમ, ગ્રામોદ્યોગ વગેરે.

ગાંધી જયંતિને દિવસે સૂતર કાંતવું, ગાંધીજીના જીવન અને સિદ્ધાંતો પર પ્રવચન કરવાં, વિદ્યાર્થીઓ પાસે સફાઈનાં કામ કરાવવાં. ધાર્મિક વિચારો માટે 'મંગલ પ્રભાત' વાંચી શકાય.

સ્વરાજ–દિન

૧૫ મી ઑગસ્ટે હિન્દુસ્તાનને સ્વરાજ મળ્યું, ૧૫૦ વરસ સુધી અંગ્રેજોએ રાજ કર્યું. તેમની સામે કોંગ્રેસે લડત ચલાવી. ગાંધીજીએ સત્યાગ્રહની લડત શરૂ કરી ને સ્વરાજ મળ્યું. ૧૫ મી ઑગસ્ટે પં. જવાહરલાલ નેહરુએ બ્રિટિશ

વાવટાને બદલે ત્રિરંગી ધ્વજ ચડાવ્યો. આપણા દેશમાં આપણા લોકોનું રાજ આવ્યું.

આ દિવસની ઊજવણી આનંદભેર કરી શકાય. રાત્રે દીવા સળગાવવા, ઉજાણી કરવી, રાષ્ટ્રીય ગીતો ગાવાં. રમત–ગમતનો કાર્યક્રમ રાખવો, ત્રિરંગી ધ્વજને સલામી આપવી. કોંગ્રેસનો ઈતિહાસ સમજાવી શકાય.



પરિશિષ્ટ

સૂક્તિ-સંગ્રહ

૧ વિદ્યા વિહીનઃ પશુઃ —ભર્તૃહરી.

જ્ઞાન વગરનો માણસ પશુ જેવો છે.

૨ સર્વેષામેવ દાનાનાં બ્રહ્મદાનં વિશિષ્યતે. —મનુ.

બધા દાનોમાં વિદ્યાનું દાન વધી જાય છે.

૩ શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્. —ગીતા.

ગુરુ પર સાચી શ્રદ્ધા રાખવાથી જ્ઞાન મળે છે.

૪ સુખાર્થિનઃ કુતો વિદ્યા, કુતો વિદ્યાર્થીનઃ સુખમ્.
—મહાભારત.

જે મોજશોખમાં સુખ માને છે તેને વિદ્યા આવડતી નથી. જે વિદ્યાર્થી છે તેણે સુખની ઇચ્છા રાખવી નહિ. તપ વડે વિદ્યા મળે છે.

૫ યેષાં ન વિદ્યા ન તપો ન દાનં,
જ્ઞાનં ન શીલં ન ગુણો ન ધર્મઃ
તે મૃત્યુલોકે ભુવિ ભારભૂતાઃ
મનુષ્યરૂપેણ મૃગાશ્ચરન્તિ. —ભર્તૃહરી.

જેમનામાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સદાચાર, ગુણ

કે ધર્મ કશું જ નથી તે આ પૃથ્વી પર ભાર જેવા છે. અને માણસના રૂપમાં જનાવર તરીકે જીવે છે.

૬ **મિત્રસ્યાહં ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે.**
–વેદ.

હું દરેક પ્રાણીને મિત્રની નજરે જોઉં.

૭ **સહનાવવતુ સહનૌ ભુનક્તુ,**
સહ વીર્યં કરવાવહૈ !
તેજસ્વિના વધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ. –વેદ.

અમે એક સાથે રક્ષણ કરીએ. અમે સાથે મળીને ખાઇએ. અમે સાથે મળીને મહેનત કરીએ. અમારું શિક્ષણ તેજસ્વી બનો. અમે એક બીજા સાથે વેર ન રાખીએ.

૮ **નાયમાત્મા બલહીનેન લભ્યઃ –ઉપનિષદ્.**

નબળા શરીર ને નબળા .મનવાળા, આ આત્માને ઓાળખી શકતા નથી.

૯ **અદીનાઃ સ્યામ શરદઃ શતમ્ –વેદ.**

સો વરસ સુધી અમે કંગાલ ને ગુલામ ન બનીએ.

૧૦ **શુચિ મનો યદ્યસ્તિ, તીર્થેન કિમ્. –ભર્તૃહરી.**

આપણું મન પવિત્ર છે તો તીર્થયાત્રાનું શું કામ ?

૧૧ કા હાનિઃ ? સમયચ્યુતિઃ. —ભર્તૃહરી.

વખત નકામો ખોવો એ સહુથી મોટું નુકસાન છે.

૧૨ ન હ્યતો ધર્મચરણં, કિંચિદસ્તિ મહત્તરમ્.
યથા પિતરી શુશ્રૂષા, તસ્ય વા વચનક્રિયા ॥
—રામાયણ.

માબાપની સેવા કરવી અને તેમનું કહેવું માનવું તેના કરતાં બીજો કોઈ મોટો ધર્મ નથી.

૧૩ ઉદ્યમેન હિ સિધ્યન્તિ, કાર્યાણિ ન મનોરથૈ.
નહિ સુપ્તસ્ય સિંહસ્ય, પ્રવશન્તિ મુખે મૃગાઃ
—હિતોપદેશ.

મહેનત કરવાથી દરેક કામ પાર પડે છે. વાત કરવાથી કામ થતું નથી. સૂતેલા સિંહના મોઢામાં હરણો પેસી જતાં નથી. તેને પણ મહેનત કરવી પડે છે.

૧૪ ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચંદનં ચારુગંધમ્.
—ભર્તૃહરિ.

સુખડને જેટલું ઘસીએ તેમાંથી તેટલી સુવાસ આવે છે. મુસીબતોથી ગુણો વધે છે.

૧૫ યોગઃ કર્મસુ કૌશલમ્. —ગીતા.

પોતાના કામમાં હોશિયાર બનવું એ જ યોગ છે.

૧૬ વરમેકો ગુણી પુત્રો, ન ચ મૂર્ખ શતાન્યપિ।
એકશ્ચન્દ્રસ્તમો હન્તિ, ન ચ તારાગણોપિ ચ ॥
-હિતોપદેશ.

ગુણવાન એક પુત્ર સો મૂરખ પુત્ર કરતાં સારો છે. એક જ ચાંદો અંધારાનો નાશ કરે છે. હજારો તારા નહિ.

૧૭ યદા યદા મુંચતિ વાકયબાણું,
તદા તદા જાતિકુલપ્રમાણુમ્.

માણસ જેવી વાણી બોલે છે તેનાથી તેની જાતિ અને વંશ–ઊંચ છે કે નીચ તે પરખાઈ જાય છે.

૧૮ તસ્મૈ હિરણ્યવક્ષસે પૃથિવ્યા અકરં નમઃ—વેદ.

રત્ન, અનાજ વગેરેને ધારણ કરનારી પૃથ્વી માતાને અમારા નમસ્કાર હો. માતૃભૂમિને વંદન હો.

૧૯ ગાયન્તિ દેવાઃ કિલ ગીતકાનિ,
સ્વર્ગાપવર્ગસ્ય ચ હેતુ ભૂતાઃ
ધન્યાસ્તુ તે ભારતભૂમિભાગે,
ભવન્તિ ભૂયઃ કૃતિના સુરત્વાત્ ॥

માતૃભૂમિ ભારત માતા ધન્ય છે. જેનાં ગીતો દેવલોક પણ ગાય છે. સ્વર્ગ અને મોક્ષનું સુખ આપનારી ભારતભૂમિમાં લોકો દેવલોકને છોડીને પણ ફરી ફરીને જન્મ લે છે.

૨૦ એક એવ સુહૃદ્ધર્મો, નિધનેપ્યનુયાતિ યઃ ।
શરીરેણ સમં નાશં, સર્વમન્યદ્ધિ ગચ્છતિ ॥
-મનુસ્મૃતિ.

ધર્મ (ભલાં કામો)જ એક એવો મિત્ર છે કે જે મરણ પછી પણ સાથે જાય છે. બીજું બધું આ શરીર સાથે જ નાશ પામે છે.

૨૧ ત્રિભિર્વર્ષૈ સ્ત્રિભિર્માસૈ સ્ત્રિભિઃ પક્ષૈસ્ત્રિભિર્દિનૈઃ ।
અત્યુત્કટૈઃ પાપપુણ્યૈરિહૈવ ફલમશ્નુતે ॥
-હિતોપદેશ.

માણસ જે સારાં-ખોટાં કામ કરે છે તેનું ફળ તેને આ દુનિયામાં જ ત્રણ વર્ષે, ત્રણ મહિને, ત્રણ પખવાડિયે કે ત્રણ દિવસે, વહેલું-મોડું મળે છે.

૨૨ બુદ્ધિં લુમ્પતિ યદ્દ્રવ્યં મદકારી તદુચ્યતે.

જે વસ્તુથી બુદ્ધિનો નાશ થાય છે તે નશાવાળી ચીજ કહેવાય છે. તેને હમેશ માટે છોડી દેવી જોઈએ.

૨૩ યાદશં ભક્ષયેચ્ચાન્નં, બુદ્ધિર્ભવતિ તાદૃશી.
દીપસ્તિમિરં ભક્ષયતિ, કજ્જલં ચ પ્રસૂયતે ।

માણસ જેવું અનાજ ખાય છે તેવી જ તેની બુદ્ધિ પણ થાય. જેમકે દીવા અંધારાને ખાય છે ને કાજળ કાઢે છે.

૨૪ ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ।
-ગીતા.

જે લોકો પોતાના સ્વાર્થ માટે જ પૈસા કમાય છે ને તેને પોતાને માટે જ વાપરે છે તેઓ પાપને જ ખાય છે.

૨૫ પરોપકરાય ફલન્તિવૃક્ષાઃ
પરોપકરાય વહન્તિ નદ્યઃ ।
પરોપકારાય દુહન્તિ ગાવઃ,
પરોપકારાર્થમિદં શરીરમ્ ।।

બીજાનું ભલું કરવા માટે ઝાડો ફળે છે. નદીઓ પણ બીજા માટે જ વહે છે. ગાયો દૂધ પણ બીજા માટે જ આપે છે. બીજાનું ભલું કરવા માટે જ આપણું આ શરીર છે.

૨૬ તૃણાનિ ભૂમિરુદકં, વાક્ચતુર્થી ચ સૂનૃતા ।
એતાન્યપિ સતાં ગેહે, નોચ્છિદ્યન્તે કદાચન ।।
-હિતોપદેશ.

બેસવાને સારું આસન; આરામ માટે જમીન, પીવાને મીઠું પાણી અને સ્વાગત માટે મીઠી વાણી— આ ચાર વસ્તુઓ કોઈ પણ સારા ગૃહસ્થને ત્યાં ખૂટતી નથી.



આ પુસ્તક નીચે આપેલા સરનામે પણ મળી શકશે.

★ આફ્રીકા ★

1 The Manager,
Vedic Centre, 13 Bond Street,
DURBAN. (S. Africa).

2 Pandit Randhir Vedalankar,
P. O. Box 412. **KAMPALA.**
UGANDA (B. E. Africa).

3 Shree Satyapriya J. Vazir,
P. O. Box No. 17 **ARUA.**
(West Nile) B. E. Africa.

★ હિન્દુસ્તાન ★

૧ સ્નાતક મિત્ર મંડળ.
C/o. મહેન્દ્રનાથ વેદાલ...
પો. હાંસો...

૨ શ્રી ઠાકોરભાઇ નરોતમભ...
સિદ્ધ માતાની...

સમસ્ત હિન્દુઓની એક ધાર્મિક પ્રાર્થના

૧ ઓં ભૂર્ભુવઃ સ્વઃ । તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય
ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥
૨ ઓં વિશ્વાનિ દેવ સવિતુર્દુરિતાન પરાસુવ । યદ્ભદ્રં
તન્ન આસુવ ॥
૩ ઓં અગ્ને નય સુપથા રાયેઽસ્માન્ વિશ્વાનિ દેવ
વયુનાનિ વિદ્વાન્ । યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાં
તે નમ ઉક્તિં વિધેમ ॥
૪ નમસ્તે સતે તે જગત્કારણાય,
નમસ્તે ચિતે સર્વલોકાશ્રયાય ।
નમોઽદ્વૈતતત્ત્વાય મુક્તિપ્રદાય,
નમો બ્રહ્મણે વ્યાપિને શાશ્વતાય ॥
૫ ત્વમેકં શરણ્યં ત્વમેકં વરેણ્યં,
ત્વમેકં જગત્પાલકં સ્વપ્રકાશમ્ ।
ત્વમેકં જગત્કર્તૃ પાતૃ પ્રહર્તૃ,
ત્વમેકં પરં નિશ્ચલં નિર્વિકલ્પમ્ ॥
૬ વયં ત્વાં સ્મરામો વયં ત્વાં ભજામો.
વયં ત્વાં જગત્ સાક્ષિરૂપં નમામઃ ।
સદેકં નિધાનં નિરાલમ્બમીશમ્,
ભવામ્ભોધિપોતં શરણ્યં વ્રજામઃ ॥
૭ ઓં અસતો મા સદ્ગમય । તમસો મા જ્યોતિર્ગમય ।
મૃત્યો માંઽમૃતં ગમય ॥
૯ સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત ॥

ઓં શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ